RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 217, Dt.30-11-2024 Saturday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# મહારાષ્ટ્રમાં સરકાર રચના અંગે સસ્પેન્સ યથાવત!

## એકનાથ શિંદે નારાજઃ દિલ્હીમાં મધરાત સુધી ચર્ચા બાદ મહાયુતીની નવી સરકારમાં ખાતાઓની ફાળવણી મુદ્દે શિવસેનાના આગ્રહ સામે ભાજપ મક્કમ હોવાની ચર્ચા : આજે એકનાથ શિંદે કોઈ મોટી જાહેરાત કરે તેવા સંદેશા વહેતા થયા

**મુખ્ય સમાચાર, મુંબઈ**

મહારાષ્ટ્રમાં વિધાનસભા ચૂંટણીમાં મહાયુતીના ભવ્ય વિજયના એક સપ્તાહ બાદ પણ મુખ્યમંત્રી અંગે નિર્ણય નહી લઈ શકતા ભાજપ નેતૃત્વના મોરચામાં જબરો આંતરિક વિખવાદ હોવાનું સ્પષ્ટ થયુ છે અને ગુરૂવારે દિલ્હીમાં મધરાત સુધી કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના નિવાસે કાર્યવાહક મુખ્યમંત્રી એકનાથ શિંદે અને તેમના બે નાયબ મુખ્યમંત્રી શ્રી દેવેન્દ્ર ફડનવીસ અને અજીત પવાર વચ્ચે બેઠકોના દૌર પછી તેઓ મુંબઈ પરત આવ્યા હતા.

મુખ્યમંત્રી શ્રી એકનાથ શિંદે તેમના વતન નસતારાથ ચાલ્યા ગયા હતા તેઓ આજે મુંબઈ પરત ફરીને તેમના પતા ખોલશે તેવા સંકેત છે અને શિવસેનાના સૂત્રોના જણાવ્યા મુજબ શ્રી એકનાથ શિંદે કોઈ મોટો નિર્ણય લઈ શકે છે. શ્રી શિંદે જે રીતે ખાતાની વહેંચણીમાં ભાજપની ફોર્મ્યુલાથી નારાજ છે.

મુખ્યમંત્રી ભાજપના જ હશે તે નિશ્ચિત છે અને તેઓ દેવેન્દ્ર ફડનવીસનું નામ નિશ્ચિત હોવાનું જણાવાય છે. તે વચ્ચે શિવસેનાએ કહ્યું કે મુખ્યમંત્રી તાવ-શરદીની બિમારીથી પીડાય છે અને તેથી તેઓ સતારા જીલ્લાના તેના વતન ગામમાં તાજી હવા લેવા ગયા છે. શિવસેનાના એક નેતા સંજય થિરસાદના જણાવ્યા મુજબ એકનાથ શિંદેને કોઈ મોટો નિર્ણય લેવો હોય તો તેઓ પોતાના આ વતન ગામમાં જાય છે. તેઓએ કહ્યું કે તા.૨ના રોજ શપથગ્રહણ યોજાશે.

જો કે શિંદેને મોદી સરકારમાં કેબીનેટ મંત્રી બનાવવા પર તેઓએ કહ્યુ કે શિંદે મહારાષ્ટ્રના રાજકારણમાં જ હતો તે પુર્વે કાલે ભાજપના ચુંટાયેલા ધારાસભ્યોની બેઠક મળશે. આ માટે દિલ્હી ભાજપના વરિષ્ઠ સભ્યો નિરિક્ષક તરીકે આવી શકે છે. શિવસેના-એનસીપીએ તેના વિધાનસભા પક્ષના નેતા નકકી કર્યા છે પણ ભાજપે વિલંબ કર્યો છે.



સૂત્રોના જણાવ્યા મુજબ શિંદે પોતાના માટે ગૃહ-વિભાગ માંગે છે પણ ભાજપ ગૃહ અને સામાન્ય વહીવટ વિભાગ તેની પાસેજ રાખવા માંગે છે તો અજીત પવાર નાણા મંત્રાલય માટે આગ્રહ રાખે છે તે ભાજપે સ્વીકાર્યુ છે.

મહારાષ્ટ્રમાં સરકાર રચવા અંગે સર્જાયેલા વિખવાદ વચ્ચે હવે તા.૫ સુધી નવી સરકારની રચના શકય નહી હોવાનું સંકેત છે. ભાજપ માટે એકનાથ શિંદે સૌથી મોટી સમસ્યા બની ગયા છે. જેમાં નાયબ સીએમ સાથે ગૃહ મંત્રાલય માંગે છે અને બીજી તરફ અમિત શાહ તમામ મુદાઓ પુરા કર્યા બાદ જ નવી સરકારની શપથવિધિ યોજાય તેવો આગ્રહ રાખે છે. તા.૫ના મુંબઈના આઝાદ મેદાનમાં શપથવિધિ યોજાઈ શકે છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના કાર્યક્રમો વ્યસ્ત છે અને સોમવારથી સંસદનું સત્ર ફરી શરૂ થશે. શિંદે આ ઉપરાંત એનસીપી નેતા અજીત પવારની સાથે નાયબ મુખ્યમંત્રી બની રહેવા માંગતા નથી પણ ભાજપ તેને સમજાવી લે તેવા સંકેત છે. મહારાષ્ટ્રમાં મહાયુતી સરકારની રચનામાં વિલંબ પાછળ મુખ્યમંત્રી કોણ તે મુદો પણ ચર્ચા હોવાના સંકેત છે. સૌથી મોટા પક્ષ તરીકે ભાજપ જ આ પદ મેળવશે તેવી ત્રણેય સાથી પક્ષોએ સમજુતી બાદ ભાજપમાં શું દેવેન્દ્ર ફડનવીસને તક મળશે કે પછી ભાજપ મોવડીમંડળ મધ્યપ્રદેશ રાજસ્થાનની માફક કોઈ આશ્ચર્ય સર્જશે તેવી ચર્ચા છેડાય છે અને તેમાં બે નામો પણ ચર્ચામાં છે.


જેમાં એક મહારાષ્ટ્ર ભાજપના વડા ચંદ્રશેખર બાવનકુલે છે જેમાં ચોથી વખત વિધાનસભામાં ચુંટાયા છે અને તેમાં અગાઉ ફડનવીસ સરકારમાં ઉર્જા અને એકસાઈઝ મંત્રી પણ રહી ચૂકયા છે અને તેઓ ઓબીસી સમુદાયનો છે તેમાં નાગપુરના છે અને સંઘ મારફત નિતીન ગડકરીએ તેમનું નામ આગળ થયુ હોવાનું માનવામાં આવે છે તો બીજુ નામ પુનાના સાંસદ મુરલીધર મોહોલનું છે.

# કોંગ્રેસમાં ધરખમ ફેરફાર જરૂરી : ચૂંટણી રણનીતિ બદલવી પડશે

## કોંગ્રેસ કારોબારીની બેઠકમાં અધ્યક્ષ ખડગેએ પરાજયના કારણો જણાવ્યા

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

હરિયાણા અને મહારાષ્ટ્રના વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસ પાર્ટી અને ગઠબંધનની આઘાતજનક હાર બાદ યોજાયેલી પ્રથમ કોંગ્રેસ વર્કિંગ કમીટીની બેઠકમાં અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ સ્પષ્ટ કહ્યું હતું કે હવે પાર્ટીમાં જવાબદારી નકકી કરવાનો સમય આવી ગયો છે.



મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીમાં કારમી હારને લઈને શુક્રવારે દિલ્હીમાં કોંગ્રેસ વર્કિંગ કમિટી (ઈઠઈ)ની બેઠક મળી હતી. કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ કહ્યું હતું. ચૂંટણી પરિણામોથી નિરાશ ન થવું જોઈએ. પાર્ટીને મજબૂત કરવા માટે ઉપરથી નીચે સુધી બદલાવ જરૂરી છે.તેમણે કહ્યું, પઆપણે ચૂંટણીની રણનીતિમાં પણ સુધારો કરવો પડશે, વાતાવરણ જીતની ખાતરી આપતું નથી. કોંગ્રેસ અધ્યક્ષે બેઠકમાં ફરી એકવાર ઊટખ પર સવાલ ઉઠાવ્યા. તેમણે કહ્યું, પઊટખએ ચૂંટણી પ્રક્રિયાને શંકાસ્પદ બનાવી છે, ચૂંટણી પંચે મુક્ત અને નિષ્પક્ષ ચૂંટણી સુનિશ્ચિત કરવી જોઈએ.થ

ખડગેએ કહ્યું કે, મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીના પરિણામોને કોઈ પણ અંકગણિત યોગ્ય ઠેરવી શકે નહીં. લોકસભા ચૂંટણીમાં મહા વિકાસ આઘાડીએ જે રીતે પ્રદર્શન કર્યું હતું તે વિધાનસભાના પરિણામો જોયા બાદ ચૂંટણી પંડિતો પણ મુંઝવણમાં છે.

ખડગેએ કહ્યું- રાજયની ચૂંટણીમાં અપેક્ષા કરતા ઓછું પ્રદર્શન અમારા માટે પડકાર છે. પાર્ટીના નેતાઓમાં એકતાનો અભાવ અને એકબીજા વિરૂધ્ધ નિવેદનો આપણને ચૂંટણીમાં નુકસાન પહોંચાડી રહ્યા છે, આના પર કડક અનુશાસનની જરૂર છે. પાર્ટીને મજબૂત કરવા માટે પાયાના સ્તરથી લઈને અઈઈઈમાં ફેરફારો લાવવા પડશે. ખડગેએ બેઠકમાં કહ્યું- ચૂંટણીનું વાતાવરણ અમારા પક્ષમાં હોવું એ જીતની ગેરંટી નથી. સમયબદ્ધ વ્યૂહરચના બનાવવા અને પાર્ટીને મજબૂત કરવા માટે સખત મહેનત કરવી પડશે. વિધાનસભાની ચૂંટણીની તૈયારી એક વર્ષ અગાઉથી કરવી પડશે, મતદાર યાદીઓ તપાસવી પડશે. ખડગેએ કહ્યું- મહારાષ્ટ્રમાં કોઈ પણ અંકગણિત પરિણામોને યોગ્ય ઠેરવી શકે નહીં. એમવીએ લોકસભા ચૂંટણીના પરિણામો પછી પોલ પંડિતો મૂંઝવણમાં છે. આપણે આપણી ચૂંટણીની રણનીતિ સુધારવાની છે. ખોટી માહિતી અને ખોટી માહિતીનો સામનો કરવાની રીતો વિકસાવવી પડશે. ખડગેએ કહ્યું- ઘણા મુદ્દા છે. મણિપુરથી સંભલ સુધીના બહુ ગંભીર મુદ્દાઓ છે. ભાજપ પોતાની નિષ્ફળતાઓ પરથી દેશનું ધ્યાન હટાવવા માટે વિવિધ માધ્યમો દ્વારા અનેક ધાર્મિક મુદ્દાઓને પ્રસારિત કરવાનો પ્રયાસ કરી રહી છે. આપણે સત્તામાં રહેલી વિભાજનકારી શક્તિઓને કોઈપણ ભોગે હરાવવાની છે.

# તામીલનાડુ - પુડુચેરીમાં સાંજ સુધીમાં 'ફેંગલ' વાવાઝોડુ ત્રાટકશે

**મુખ્ય સમાચાર,ચેન્નાઈ**

બંગાળની ખાડીમાં આકાર લેનાર વાવાઝોડુ ફેંગલ ભયાનક બન્યુ છે અને આજે સાંજે તામીલનાડુ-પુડુચેરીનાં દરીયાકાંઠે ત્રાટકવાની સંભાવના છે.૯૦ કીમીની ઝડપે વાવાઝોડુ ત્રાટકે તે પૂર્વે જ તામીલનાડૂના અનેક ભાગોમાં ભારે વરસાદ શરૂ થઈ જવાને કારણે રેડએલર્ટ જાહેર કરાયું છે. ભારતીય નેવીને પણ સ્ટેન્ડ-ટુ રહેવા સુચવાયું છે. નૌકાદળ દ્વારા પણ ડીઝાસ્ટર પ્લાન તૈયાર કરવામાં આવ્યો છે. ભારતીય હવામાન વિભાગનાં વાવાઝોડા વિભાગનાં વડા આનંદાદાસે કહ્યું કે આજે સાંજ સુધીમાં પુડુચેરી નજીક ફેંગલ વાવાઝોડૂ ત્રાટકશે.૯૦ કીમીની ઝડપે પવન ફુંકાશે અને વાતાવરણમાં બદલાવ સાથે દરીયામાં રાક્ષસી મોજા ઉછળશે. તામીલનાડુ ઉપરાંત દક્ષિણ આંધ્રપ્રદેશ, કેરળ તતા કર્ણાટકમાં ભારેથી અતિ ભારે વરસાદ થવાની સંભાવના છે. વાવાઝોડાની સૌથી વધુ અસર પુડુચેરીના રેંકલ અને મહાબલીપુરમ નજીક થશે.જયાં સૌથી વધુ તેજ પવન ફુંકાવા ઉપરાંત અતિભારે વરસાદ થવાની સંભાવના છે. વાવાઝોડા-ભારે વરસાદની સ્થિતિને ધ્યાને રાખીને તામીલનાડુ તથા પુડુચેરીની શૈક્ષણીક સંસ્થાઓમાં આજે રજા જાહેર કરવામાં આવી છે. સૌથી વધુ અસરગ્રસ્ત વિસ્તારોમાથી ૫૦૦ લોકોનું સ્થળાંતર કરવામાં આવ્યુ છે. નૌકાદળને સ્ટેન્ડ-ટુ-રહેવાની સુચના આપવામાં આવી છે. ફેંગલ વાવાઝોડુ ત્રાટકે તે પૂર્વે જ ચેન્નાઈ સહીતનાં રાજયનાં અનેક ભાગોમાં ભારે વરસાદ ત્રાટકયો હતો અને ઠેકઠેકાણે જળ બંબાકારની હાલત સર્જાઈ હતી.



# દવાઓ પણ નકલી! ૯૦ દવાઓના સેમ્પલ તપાસમાં ફેલ

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયના નિર્દેશો અનુસાર હવે દેશમાં દર મહિને મોટા પ્રમાણમાં દવાઓનાં સેમ્પલની તપાસ કરવામાં આવે છે. જે દવાઓને શંકાસ્પદ માનવામાં આવે છે તેના અલગ અલગ બેચ કોઈને કોઈ ધારણા પર ફેલ થઈ રહ્યા છે. મોટી સમસ્યા નકલી દવાઓની છે. જે સીધી રીતે લોકોના જીવ માટે ખતરો છે.



ઓક્ટોબર મહિનામાં કેન્દ્રીય માનક નિયંત્રણ સંગઠન (સીડીએસસીઓ)ની તપાસમાં ૫૬ દવાઓનાં સેમ્પલ નિશ્ચિત ધોરણો પર ખરા નથી ઉતર્યા, જયારે રાજય ટેસ્ટીંગ લેબ્સમાં તપાસમાં સેમ્પલમાંથી ૩૪ દવાઓ અલગ અલગ પેરા મીટરમાં ફેઈલ થઈ જયારે બિહાર ડ્રગ કન્ટ્રોલ ઓથોરીટી દ્વારા ઉઠાવવામાં આવેલ સેમ્પલોમાંથી ૩ દવાઓમાં નકલી હતી. નકલી દવાઓમાં એસીડીટી, ઈન્ફેકકશન ઠીક કરનારી દવાઓ પણ સામેલ છે.

વિશેષજ્ઞોએ લોકોને સલાહ આપી છે કે, દવાઓને ખરીદતી વખતે સતર્કતા રાખવી જોઈએ અને વધુ ડિસ્કાઉન્ટની લાલચમાં આવીને દવાની કવોલીટી સાથે સમાધાન ન કરવુ. કોલસ્ટ્રોલ ઘટાડનારી, વિટામીન, આર્યન સપ્લીમેન્ટ અને કેલ્સીયમની કમી દુર કરનારી દવાઓનાં અનેક બેચ ધોરણોમં ખરા નથી ઉતર્યા. ડાયાબીટીસ અને બ્લડ પ્રેસરની સારવાર માટે દવા લેનારાઓએ પણ ખાસ સાવધાની રાખવી જોઈએ.ઓથોરીટીને પેટોટ્રાવેલ સેફિકસાઈમ, રોસુવાસ્ટેટીન સોલ્ટમાંથી બનેલી દવાઓનાં કેટલાંક બેચ નકલી મળી.

# લગ્ન કરવાની ના કહેતા છોકરીએ કરી આત્મહત્યા, આમા છોકરાનો શું વાંક?: સુપ્રીમની ટકોર

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

સુપ્રીમ કોર્ટનું કહેવું છે કે તૂટેલા સંબંધો ભાવનાત્મક રીતે પીડાદાયક હોય છે. જો આત્મહત્યા માટે ઉશ્કેરવાનો કોઈ ઈરાદો ન હોય તો તે આપોઆપ ઉશ્કેરણીની શ્રેણીમાં આવતો નથી. જસ્ટિસ પંકજ મિથલ અને જસ્ટિસ ઉજ્જવલ ભુયાનની બેન્ચે એક નિર્ણયમાં આ ટિપ્પણી કરી છે.

સર્વોચ્ચ અદાલતે કર્ણાટક હાઈકોર્ટના નિર્ણયને ઉલટાવી દીધો હતો જેણે કમરુદીન દસ્તગીર સનાદીને ભારતીય દંડ સંહિતા (આઈપીસી) હેઠળ છેતરપિંડી અને આત્મહત્યા માટે ઉશ્કેરવાના ગુના માટે દોષિત ઠેરવ્યો હતો. ચુકાદામાં કહેવામાં આવ્યું છે કે, પઆ તૂટેલા સંબંધોનો કેસ છે, ગુનાહિત વર્તનનો નહીં.

સનદી પર શરૂઆતમાં ઈંડઈ કલમ ૪૧૭ (છેતરપિંડી), ૩૦૬ (આત્મહત્યા માટે ઉશ્કેરણી) અને ૩૭૬ (બળાત્કાર) હેઠળ આરોપ મૂકવામાં આવ્યો હતો. નીચલી અદાલતે તેમને તમામ આરોપોમાંથી મુક્ત કર્યા હતા.

રાજ્ય સરકારની અપીલ પર કર્ણાટક હાઈકોર્ટે તેને છેતરપિંડી અને આત્મહત્યા માટે ઉશ્કેરવા બદલ દોષી ઠેરવ્યો હતો. તેને ૫ વર્ષની જેલની સજા પણ થઈ હતી. કોર્ટે તેના પર ૨૫,૦૦૦ રૂપિયાનો દંડ પણ ફટકાર્યો છે.

માતાના કહેવા પર દાખલ કરવામાં આવેલી એફઆઈઆર મુજબ તેની ૨૧ વર્ષની પુત્રી આરોપી સાથે છેલ્લા આઠ વર્ષથી પ્રેમ કરતી હતી. તેણીએ ઓગસ્ટ ૨૦૦૭ માં આત્મહત્યા કરી હતી કારણ કે આરોપીએ તેના લગ્નનું વચન પૂરું કરવાનો ઈનકાર કર્યો હતો.

જસ્ટિસ મિથલે બેન્ચ તરફથી ૧૭ પાનાનો ચુકાદો લખ્યો હતો. બેન્ચે તેના મૃત્યુ પહેલા મહિલાના બે નિવેદનોનું વિશ્લેષણ કર્યુ અને કહ્યું કે દંપતી વચ્ચે ન તો શારીરિક સંબંધોનો કોઈ આરોપ છે કે ન તો આત્મહત્યા તરફ દોરી જાય તેવું કોઈ ઈરાદાપૂર્વકનું કૃત્ય. તેથી, ચુકાદાએ ભારપૂર્વક જણાવ્યું હતું કે તૂટેલા સંબંધો ભાવનાત્મક રીતે દુઃખદાયક હોય છે, પરંતુ તે આપમેળે ગુનાહિત કૃત્યમાં પરિણમતા નથી.

સર્વોચ્ચ અદાલતે કહ્યું કે, પક્રૂરતાને કારણે પીડિતા આત્મહત્યા કરી લે તેવા કેસમાં પણ અદાલતોએ હંમેશા સ્વીકાર્યું છે કે ઘરેલું જીવનમાં મતભેદ અને મતભેદ સમાજમાં સામાન્ય છે. આ પ્રકારના ગુનાનું કમિશન મોટે ભાગે પીડિતાની માનસિક સ્થિતિ પર આધારિત છે.



કોર્ટે એમ પણ કહ્યું કે, પજ્યાં સુધી આરોપીનો ગુનાહિત ઈરાદો સ્થાપિત ન થાય ત્યાં સુધી તેને ઈંડઈની કલમ ૩૦૬ હેઠળ દોષિત ઠેરવવો શક્ય નથી.થ ચુકાદામાં કહેવામાં આવ્યું છે કે એવો કોઈ પુરાવો નથી કે જે દર્શાવે છે કે આરોપીએ મહિલાને આત્મહત્યા કરવા માટે ઉશ્કેર્યો હતો. કોર્ટે ભારપૂર્વક જણાવ્યું હતું કે લાંબા સંબંધ પછી પણ લગ્ન કરવાનો ઈનકાર કરવો એ ઉશ્કેરણી સમાન નથી.

# બાંગ્લાદેશ સરકારે હવે હિન્દુઓના બેન્ક ખાતાને નિશાન બનાવ્યા

## ભારત સરકારે બાંગ્લાદેશમાં હિન્દુઓ પર અત્યાચારની ટિકા કરી

**મુખ્ય સમાચાર,ઢાકા**

બાંગ્લાદેશમાં હિન્દુઓ પર અત્યાચાર વધી રહ્યા છે. અગાઉ અનેક હિન્દુ મંદિરો અને દૂર્ગા પૂજા સમયે પંડાલોને નિશાન બનાવાયા હતા. હવે હિન્દુઓના બેંક ખાતાને ફ્રીઝ કરવામાં આવી રહ્યા છે.

પ્રશાસને બાંગ્લાદેશમાં સ્થિત ઈસ્કોન સાથે જોડાયેલા ૧૭ બેંક ખાતાને ફ્રીઝ કરી દીધા હતા. બાંગ્લાદેશની હાઈકોર્ટે ઈસ્કોન પર પ્રતિબંધ મુકવાની માગણી ફગાવ્યા બાદ સરકાર દ્વારા આ પગલુ ભરવામાં આવ્યું છે. જેનો હિન્દુઓ દ્વારા વિરોધ કરવામાં આવ્યો હતો.

બાંગ્લાદેશની ફાઈનાન્સિયલ ઈન્ટેલિજન્સ યુનિટે એક મહિના માટે ઈસ્કોન સાથે જોડાયેલા ૧૭ જેટલા બેંક ખાતાને ફ્રીઝ કરવાનો વિવિધ બેંકોને આદેશ આપ્યો હતો. આ યુનિટ બાંગ્લાદેશની મુખ્ય બેંક સાથે જોડાયેલુ છે. ખાતા ફ્રીઝ કરવા ઉપરાંત તેમાં જે પણ નાણાકીય લેવડદેવડ થઈ હોય તેની સંપૂર્ણ માહિતી ત્રણ દિવસમાં સોંપવા બેંકોને આદેશ આપ્યો હતો.

૩૦ ઓક્ટોબરના રોજ ઈસ્કોનના સભ્ય રહી ચુકેલા ચિન્મય કૃષ્ણ દાસ સહિત ૧૯ સામે સેડિશનનો કેસ દાખલ કરાયો હતો જે બાદ દાસની ધરપકડ કરાઈ હતી. આ કાર્યવાહીનો ઈસ્કોન દ્વારા વિરોધ કરવામાં આવ્યો છે.




જ્યારે બીજી તરફ ભારત સરકારે બાંગ્લાદેશમાં હિન્દુઓ પર અત્યાચારની ટિકા કરી હતી અને બાંગ્લાદેશની વચગાળાની મોહમ્મદ યુનુસ સરકારને હિન્દુઓની સુરક્ષા માટે યોગ્ય પગલા ભરવા કહ્યું હતું.

વિદેશ મંત્રી એસ. જયશંકરે સંસદને જણાવ્યું હતું કે બાંગ્લાદેશમાં ઢાકામાં સ્થિત ભારતીય હાઈ કમિશન હિન્દુઓ સહિતના લઘુમતિઓ પર અત્યાચારોની સ્થિતિને જોઈ રહ્યું છે, ભારતે અવાર નવાર બાંગ્લાદેશ સરકારને લોકોની સુરક્ષા માટે યોગ્ય પગલા લેવા કહ્યું છે.

# હરણી બોટ દુઘર્ટનાકાંડ બાદ બંધ થયેલી બોટીંગ સુવિધા ફરી શરૂ થવાના સંકેત

## ઓનલાઈન બુકીંગથી માંડીને સુરક્ષાના આકરા નિયમોની એકાદ સપ્તાહમાં પરવાનગી મળવાનો નિર્દેશ

**મુખ્ય સમાચાર,વડોદરા**

વડોદરામાં હરણી બોટ દુઘર્ટનાકાંડ બાદ રાજયભરમાં બંધ થયેલી બોટીંગ સુવિધા ફરી શરૂ થવાના સંકેત છે પ્રવાસન સ્થળ નળ સરોવરમાં પ્રવાસીઓ માટે તુર્તમાં બોટીંગ શરૂ થશે. સાસણમાં જેમ જંગલ સફારી માટે ઓનલાઈન બુકીંગ ફરજીયાત છે તે જ ધોરણે નળ સરોવરમાં બોટ માટે બુકીંગ કરાવવાનું રહેશે.પક્ષી અભ્યારણ એવુ નળ સરોવર ૧૬ ઓકટોબરથી પ્રવાસીઓ માટે ખુલી ગયુ છે.વન વિભાગનાં અધિકારીએ કહ્યું કે બોટીંગ માટે કમીટી બનાવવા, પરવાનગી મેળવવા સહીતની ગાઈડ લાઈન તૈયાર કરવામાં આવી છે. બોટમાં ૧૨ ને બદલે ૬ પ્રવાસીઓને બેસાડવા પણ કહેવાયું છે.

બોટ રાઈડ બુકીંગ માટે વેબસાઈટ તૈયાર કરવામાં આવી રહી છે. નિયત સમયમાં જ બોટીંગ પૂર્ણ કરવાનું ફરજીયાત રહેશે.બોટ સંચાલકો તમામ પ્રવાસીઓને લાઈફ જેકેટ પહેરાવવા પડશે.

બોટ સંચાલકોએ કહ્યું કે કમીટી બનાવીને નામ સાથેનું લીસ્ટ તંત્રને આપી દેવામાં આવ્યુ છે. તંત્ર દ્વારા મંજુરી મળે બોટીંગ શરૂ થશે.એકાદ અઠવાડીયામાં જ બોટીંગની આપવાની મૌખિક બાહેંધરી આપવામાં આવી છે. હાલ ભરચકક સિઝન છે એક મહિનો તો પસાર થઈ ગયો છે.

તંત્ર તરફથી હજુ પરવાનગી આપવામાં આવી નથી. નળ સરોવરમાં પ્રવાસીઓ માટે ૪૦૦ જેટલી બોટ છે. ઓકટોબરથી જાન્યુઆરીની સીઝનમાં



તેનો ઉપયોગ ટુરીસ્ટ બોટ તરીકે થાય છે અને બાકીના રાજયમાં માછીમારી માટે વપરાય છે.

વન વિભાગનાં પ્રિન્સીપાલ ચીફ કન્ઝર્વેટર નિત્યાનંદ શ્રીવાસ્તવે કહ્યું કે, નળ સરોવરમાં બોટીંગ માટે ઓનલાઈન સીસ્ટમ ગોઠવવામાં આવી રહી છે. સુરક્ષા પરીક્ષણ ચાલુ છે. બોટમાલીકો કરાર કરે તે દરમ્યાન વેબસાઈટ તૈયાર થઈ જશે. રાજયભરમાં પ્રવાસન સ્થળોએ બોટીંગ બંધ છે. જળ સરોવરમાં તે ચાલુ થવાના સંજોગોમાં અન્યત્ર પણ છૂટ મળવાની સંભાવના છે. રાજકોટમાં પણ ઈશ્વરીયા-અટલ સરોવરમાં મહિનાઓથી બોટીંગ સુવિધા બંધ છે.

# ચોટીલાના લાખણકા ગામની સીમમાં પ્રેમી-પંખિડાનો સજોડે આપઘાતઃ અરેરાટી

## વિછીયાના નાના માત્રાની ૧૬ વર્ષની શ્રધ્ધા ડેરવાડીયાને બાજુના સાયલાના કોટડાનો ૨૧ વર્ષનો ચિરાગ ધોરીયા ભગાડી જતાં વિછીયા પોલીસે અપહરણનો ગુનો નોંધ્યો હતોઃ મૃતદેહોને ફોરેન્સિક પોસ્ટમોર્ટમ માટે રાજકોટ ખસેડાયા

મુખ્ય સમાચાર,ચોટીલા

અીહના લાખણકા ગામની સીમમાં આવેલી રમેશભાઈની વાડીના બે માળના રૂમ પૈકી ઉપરના રૂમમાંથી સાયલાના કોટડા ગામના ૨૧ વર્ષના યુવાન અને વિંછીયાના નાના માત્રા ગામની ૧૬ વર્ષની સગીરાની ભેદી સંજોગોમાં લાશ મળી આવતાં ચકચાર જાગી છે. ગયા ગુરૂવારે જ આ યુવાન વિરૂધ્ધ સગીરાના અપહરણ અંગેનો ગુનો વિંછીયા પોલીસમાં સગીરાના પિતાએ દાખલ કરાવ્યો હતો. પોલીસ અને પરિવારજનો બંનેની શોધખોળ કરી રહ્યા હતાં ત્યારે બંનેની લાશ મળી આવતાં અરેરાટી વ્યાપી ગઈ હતી. બંનેના મૃતદેહને ફોરેન્સિક પોસ્ટમોર્ટમ માટે રાજકોટ ખસેડાયા છે.

સમાજ એક નહિ થવા દે એવો ભય લાગતાં બંનેએ સજોડે આપઘાત કર્યાની શક્યતા પર હાલ પોલીસે પ્રાથમિક તપાસ કરી છે. ઘટનાની જાણવા મળેલી માહિતી અનુસાર ચોટીલાના લાખણકા ગામની સીમમાં આવેલી રમેશભાઈ ખોડાણીની વાડીના ઉપરના રૂમમાં યુવાન અને સગીરાના મોત થયાની જાણ થતાં ચોટીલા પોલીસે ઘટના સ્થળે પહોંચી કાર્યવાહી કરી હતી. પોલીસે બંનેને ઓળખ મેળવવા તપાસ હાથ ધરતાં ગુરૂવારે વિંછીયા પોલીસ સ્ટેશનમાં યુવકે સગીરાનું અપહરણ કર્યાની ફરિયાદ દાખલ હોઈ તેના આધારે વિંછીયા પોલીસને જાણ કરતાં પોલીસે મૃતદેહના ફોટા મંગાવી અપહૃત સગીરાના વાલીને બતાવતાં મૃતદેહની ઓળખ થઈ હતી.

મૃતક સગીરાનું નામ શ્રધ્ધા જસમતભાઈ કમાભાઈ ડેરવાડીયા (ઉ.વ.૧૬ાા) હોવાનું અને તે વિછીયાના નાના માત્રા ગામની હોવાનું અને તેની સાથેના મૃતક યુવાનનું નામ ચિરાગ લધુભાઈ નરસભાઈ ધોરીયા (ઉ.વ.૨૧) હોવાનું તથા તે નાના માત્રાથી નજીકમાં જ આવેલા સાયલા તાબેના કોટડા ગામનો હોવાનું સ્પષ્ટ થતાં ચોટીલા પોલીસે બંનેના પરિવારજનોને બોલાવી કાર્યવાહી હાથ ધરી હતી. ચોટીલા પોલીસની પ્રાથમિક તપાસમાં ખુલ્યા મુજબ સગીરા અને યુવાને રમેશભાઈની વાડીના બે માળના મકાનમાં ઉપરના માળે આપઘાત કરી લીધાનું પ્રાથમિક તપાસમાં જણાય છે. દોરી વડે બંનેએ એક સાથે ફાંસો ખાધો કે પછી પહેલા સગીરાનું મોત થયું અને પછી યુવાને આપઘાત કર્યો? તે સહિતની તપાસ થઈ રહી છે.

મૃત્યુ પામનાર સગીરા પાંચ ભાઈની એકની એક પાંચમા નંબરની બહેન હતી. તેના પિતા ખેતી કરી ગુજરાન ચલાવે છે. સગીરાને નાના માત્રાથી નજીકમાં જ આવેલા કોટડા ગામનો ચિરાગ લધુભાઈ ધોરીયા (ઉ.વ.૨૧) ગુરૂવારે ભગાડી ગયો હોઈ આ અંગે તેણીના પિતાએ વિંછીયા પોલીસને જાણ કરતાં પોલીસે અપહરણનો ગુનો નોંધી તપાસ શરૂ કરી હતી. ત્યાં ગઈકાલે અપૃહત સગીરા અને અપહરણકાર યુવાનની લાશ લાખણકાની વાડીના મકાનમાંથી મળતાં અરેરાટી વ્યાપી ગઈ હતી.

મૃતક ચિરાગ ચાર ભાઈ અને એક બહેનમાં બીજો તથા કુંવારો હતો. તે પિતા સાથે ખેતી મજૂરી કરતો હતો. બંને વચ્ચે પ્રેમ થઈ ગયો હોઈ યુવાને તેણીને ભગાડયા બાદ સમાજ એક નહિ થવા દે તેવુ લાગતાં સજોડે આપઘાત કરી લીધાની શક્યતા સેવાઈ રહી છે. ફોરેન્સિક પોસ્ટમોર્ટમ બાદ પોલીસ આગળ કાર્યવાહી કરશે. મોબાઈલના યુગમાં જીવતી આજની જનરેશનમાં સૌથી વિપરીત અસર ગ્રામ્ય પંથકના યુવા અને ટીનેજર્સ વર્ગ ઉપર પડી છે. ત્યારે અણસમજની ઉમરે આકર્ષણનાં ઓછાયે કહેવાતા પ્રેમમાં પડી વિચાર્યા વગરના પગલા ભરી લેવાના કિસ્સાઓ વધી ગયા છે. આવા કિસ્સામાં જે તે સગીરા કે સગીર અથવા યુવાન કે યુવતિઓ તો વિચાર્યા વગર આપઘાત કરી લેતાં હોય છે. પણ પાછળ તેમના પરિવારજનો ઉંડા આઘાતમાં ગરક થઈ જતાં હોય છે અને તેમને ખુબ સહન કરવું પડતું હોય છે.



# મોરબી જીલ્લામાં મહિલાઓ સ્વરોજગાર માટે સ્વાવલંબન યોજનાનો લાભ મેળવી શકશે

મુખ્ય સમાચાર,મોરબી

મોરબી જીલ્લામાં મહિલાઓને સ્વરોજગાર મળે અને તેઓને મહિલા સ્વાવલંબન યોજનાનો લાભ મળે તે હેતુથી રૂ.૨ લાખ સુધીની લોન અને સબસીડી મળશે. મહિલા સ્વાવલંબન યોજનાએ મહિલાઓ માટે આત્મનિર્ભર બનવાની નવી તક છે. રાજ્ય સરકારના માર્ગદર્શન હેઠળ મહિલાઓના આર્થિક સશક્તિકરણ અને સ્વરોજગારીને પ્રોત્સાહન આપવા માટે મહિલા અને બાળ વિકાસ વિભાગ, ગાંધીનગરના માર્ગદર્શન હેઠળ ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ લિમિટેડ દ્વારા મહિલા સ્વાવલંબન યોજના શરૂ કરવામાં આવી છે.

આ યોજનાનો હેતુ મહિલાઓને સ્વતંત્ર અને આત્મનિર્ભર બનાવવાનો છે. જે તેમને સમાજમાં અને અર્થવ્યવસ્થામાં મજબૂત સ્થાન મેળવવામાં મદદરૂપ થશે. આ યોજના હેઠળ મહિલાઓને તેમના કૌશલ્યના આધારે સ્વરોજગારી મળી રહે તે માટે બેંક લોન થકી સહાય અપાશે. જેમાં કિરાણા સ્ટોર, કપડાં અથવા સ્ટેશનરીની દુકાન, દરજી કામ, દુધ- દહીંના વેચાણની દુકાન, રેડીમેઈડ ગારમેન્ટસ તથા હોઝીયરીનું વેચાણ, મેડિકલ સ્ટોર વગેરે જેવા ૩૦૭ જેટલા વ્યવસાયો માટે રૂ. બે લાખ સુધીની લોન આપવાની જોગવાઈ કરવામાં આવી છે.આ યોજનામાં સહાય મેળવવાની પાત્રતા જોઈએ તો ૧૮ થી ૬૫ વર્ષની મહિલાઓ લાભ મેળવી શકે છે. તેમજ ગ્રામ્ય વિસ્તાર માટે રૂ. ૧,૨૦,૦૦૦/- અને શહેરી વિસ્તાર માટે રૂ.૧,૫૦,૦૦૦/- આવક મર્યાદા છે. આ યોજનામાં સબસીડીની પાત્રતા જનરલ કેટેગરી માટે 30% અથવા રૂ.૬૦,૦૦૦/-, અનુસુચિત જાતિ તથા અનુસુચિત જનજાતિ માટે ૩૫% અથવા રૂ.૭૦,૦૦૦/-, વિધવા મહિલા, ૪૦% વધુ દિવ્યાંગતા ધરાવતી મહિલા ૪૦% અથવા રૂ.૮૦,૦૦૦/- - બંનેમાંથી જે ઓછું હોય તે સબસીડી મળવાપાત્ર રહેશે.

આ યોજનાના નિયત નમુનામાં અરજી પત્રક ભરીને જરૂરી આધાર પુરાવાની ૨ નકલ સાથે જોડીને જીલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી, રૂમ નંબર ૦૧, ગ્રાઉન્ડ ફ્લોર, એ- વિંગ, જીલ્લા સેવા સદન, શોભેશ્વર રોડ, મોરબી-૩૬૩૬૪૨ ખાતે કચેરી સમય અને કામકાજના દિવસો દરમિયાન મોકલી આપવાના રહેશે. આ યોજનાનો મોરબી જીલ્લાની મહિલાઓ વધુમાં વધુ લાભ લે તે માટે જીલ્લા મહિલા અને બાળ અધિકારી, મોરબીની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# મોરબીમાં જયશ્રી માનવસેવા ટ્રસ્ટ દ્વારા ઝૂંપડપટ્ટી વિસ્તારમાં પફ વિતરણ કરાયું



મોરબીના જુદા જુદા ઝૂંપડપટ્ટી વિસ્તારોમાં, જયશ્રી માનવસેવા ટ્રસ્ટ દ્વારા ટ્રસ્ટના ઉપપ્રમુખ કપિલભાઈ રાઠોડની દાદીમાની પુણ્યતિથિ નિમિત્તે પફ વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ટ્રસ્ટના પ્રમુખ જયશ્રીબેન વાઘેલા અને અન્ય સભ્યો સેવા કાર્યમાં જોડાયા હતા. મોરબીમાં જયશ્રી માનવસેવા ટ્રસ્ટ દ્વારા ટ્રસ્ટના ઉપપ્રમુખ કપિલભાઈ રાઠોડના દાદીમાની પુણ્યતિથિ નિમિતે મોરબીના સામાંકાઠા મયુરપુલ નીચે આવેલ ઝૂંપડપટ્ટી, લીલાપર રોડ પર આવેલ ઝૂંપડપટ્ટી તેમજ નવલખી રોડ પર પરશુરામધામ નજીક આવેલી ઝૂંપડપટ્ટી વિસ્તારમાં પફ વિતરણ કરવામાં આવ્યું હતું. આ સેવા કાર્યમાં જયશ્રી માનવસેવા ટ્રસ્ટના પ્રમુખ જયશ્રીબેન વાઘેલા , વ્રજ તેમજ અન્ય બહેનો જોડાયા હતા.

# મોરબી જિલ્લા કલેક્ટરે ગ્રામ્ય મામલતદાર કચેરી ખાતે સરપ્રાઈઝ વિઝીટ કરી આધાર કાર્ડ સેન્ટર પર લોકોની સમસ્યા સાંભળી

- ગ્રામ્ય વિસ્તારના લોકોને નજીકમાંઆધાર કેન્દ્ર આપી કાર્ડ કઢી અપાશેઃ આપી હૈયાધારણા



મુખ્ય સમાચાર,મોરબી

મોરબીમાં આધારકાર્ડ ઊંઢઈ ને લઈને લોકોને પડતી તકલીફ મુદ્દે જીલ્લા કલેકટર કે. બી .ઝવેરી પોતે જ સવારના સમયે વહેલી સવારથી લાઈનમાં ઉભેલા લોકો ને મળ્યા અને સતત બીજી વખત આધારકાર્ડ બુથની મુલાકાત લઈ અને લોકોની તકલીફો જાણી અધિકારીને જરૂરી સૂચનાઓ આપી છે.

મોરબીમાં આધાર કાર્ડ ઊંઢઈ ને લઈને લોકોને પડતી હાલાકીની જીલ્લા કલેકટર કે બી ઝવેરી દ્વારા ગંભીરતા પૂર્વક નોંધ લીધી હતી અને વહેલી સવારે મોરબી જિલ્લા કલેક્ટર કિરણ ઝવેરી મોરબી ગ્રામ્ય મામલતદાર કચેરી ખાતે સર પ્રાઈઝ વિઝીટ કરી હતી જેમાં પ્રાંત અધિકારી અને મામલતદાર ને સાથે રાખી મોરબી જિલ્લા કલેકટર કે. બી.ઝવેરી એ આધાર કાર્ડ સેન્ટર પર લાઈનમાં ઉભેલા લોકો ની સમસ્યાઓ ધ્યાનથી સાંભળી હતી અને આધાર કાર્ડ ઊંઢઈ ની ધીમી કામગીરી અંગે અધિકારીઓને જરૂરી સૂચનાઓ આપી હતી અને આધાર કાર્ડ ઊંઢઈ સેન્ટર આસપાસ ગંદકીને લઈને પણ સાફ સફાઈ એજન્સી નો કોન્ટ્રાક્ટ રદ કરી નવી કંપનીને કોન્ટ્રાક્ટ આપવા તજવીજ હાથ ધરાશે તેવું જણાવ્યુ હતુ.

# મોરબી જીલ્લા કલેક્ટરની અધ્યક્ષતામાં જીલ્લા સંકલન બેઠક યોજાઈ

## બેઠકમાં જીલ્લા પંચાયત પ્રમુખ તથા ધારાસભ્યોએ હાજરી આપી

મુખ્ય સમાચાર,મોરબી

મોરબી જીલ્લા કલેક્ટર કે.બી. ઝવેરીની અધ્યક્ષતામાં જીલ્લા સંકલન સહ ફરિયાદ સમિતિની બેઠક યોજાઈ હતી. જે બેઠકમાં વહીવટી તંત્રના તમામ અધિકારીઓને પ્રજાલક્ષી અભિગમ દાખવી કામગીરી કરવા સૂચિત કરવામાં આવ્યા હતા.

આ બેઠકમાં કલેક્ટરે વહીવટી તંત્રની વિવિધ કચેરીઓના પેન્શન કેસ તથા સંકલન સહ ફરિયાદ સમિતિના ૧ થી ૬ પત્રકોની સમીક્ષા કરી દરેક કચેરીમાં કામગીરીમાં નિયમિતતા જળવાય અને કચેરી વ્યવસ્થાપન અને દરેક રજીસ્ટરની નિભાવણી યોગ્ય રીતે થાય તે માટે સૂચના આપી હતી. કલેક્ટરએ ભારપૂર્વક જણાવ્યું હતુ કે, દરેક અધિકારી/કર્મચારી દ્વારા લોકોને સરકારી યોજનાઓનો લાભ સરળતાથી મળી રહે તે માટે લક્ષ્ય નિર્ધારિત કરી કામગીરી કરવી જોઈએ.

જીલ્લાના પદાધિકારીઓની ઉપસ્થિતિમાં મચ્છુ - ૨ ડેમના દરવાજા રીપેર કરવા માટેનું પૂર્વ આયોજનની ચર્ચા કરવામાં આવી હતી. બેઠક દરમિયાન પદાધિકારીશ્રીઓ દ્વારા ૯ જેટલા લોકહિતના પ્રશ્નો રજૂ કરવામાં આવ્યા હતા. આ પ્રશ્નો અંગે વિગતવાર છણાવટ કરી પદાધિકારીઓને સંતોષપૂર્વક જવાબ આપી સબંધિત વિભાગોને સમય મર્યાદામાં યોગ્ય કામગીરી કરવા કલેક્ટરે તાકીદ કરી હતી.



આ બેઠકમાં જીલ્લા પંચાયતના પ્રમુખ હંસાબેન પારઘી, ધારાસભ્ય સર્વમાં કાંતિભાઈ અમૃતિયા, દુર્લભજીભાઈ દેથરીયા, જીતુભાઈ સોમાણી, પ્રકાશભાઈ વરમોરા, જીલ્લા વિકાસ અધિકારી જે.એસ. પ્રજાપતિ, પોલીસ અધિક્ષક રાહુલ ત્રિપાઠી, નિવાસી અધિક કલેક્ટર એસ.જે. ખાચર, નાયબ વન સંરક્ષક ચિરાગ અમીન, જીલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક એન.એસ. ગઢવી સહિત જીલ્લાના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# મહિલા અને બાળ વિકાસ વિભાગ આઈ.સી.ડી.એસ દ્વારા IYCF તાલીમ ઉપલેટા ખાતે યોજાઈ



મુખ્ય સેવિકા ઉપલેટા અને ધોરાજીના તાલીમ મા હાજર રહેલ તેમજ માસ્ટર ટ્રેનર સી.ડી.પી.ઓ શ્રી-સોનલબેન વાળા માસ્ટર ટ્રેનર- પિન્ટુબેન દવે. માસ્ટર ટ્રેનર-મિતલબેન પરમાર તાલીમ આપેલ. બાળકોના સર્વાંગી વિકાસ માટે પ્રથમ ૧૦૦૦ દિવસ ખૂબ મહત્વ ના છે પ્રથમ ૧૦૦૦ દિવસમાં ૨૭૦ દિવસ (નવ માસ) ગર્ભાવસ્થા ના અને બાકી ના જન્મથી લઈ નેબે વર્ષ સુધીના ઉંમર ગણવામાં આવે છે આ મહત્વ ના સમયગાળા મા જન્મથી ૬ માસ સુધી બાળક ને ફક્ત સ્તનપાન અને ૬ માસ પછી યોગ્ય ઉપરી આહારની શરૂઆત કરવી ખૂબ જરૂરી છે.અને આ માટે સગર્ભા અને ધાત્રીમાતા ને કાઉન્સિલિંગ દ્વારા સમજ આપવી મહત્વની છે. સંકલિત બાળ વિકાસ યોજના અંતર્ગત સમાજમા સ્તનપાન અને પૂરક આહાર વિશે જ્ઞાન વધારવા ખોટી ધારણા અને માન્યતાઓ ને દુર કરવા અને ૦ થી ૬ વર્ષ ના બાળકોને આહારની પૂરતી જાગૃતિ અને સંપૂર્ણ માહિતીઓથી આંગણવાડી કાર્યકરો ને સંપૂર્ણતઃ સજ્ઞ બનાવવા જરૂરી છે સ્તનપાન અને બાળકોના ઉપરી આહારની તેવો વિકસાવવા અને લાભાર્થી માતાઓને કાઉન્સિલિંગ દ્વારા સમજ પૂરી પાડવા માટે આંગણવાડી કાર્યકરોને શિશુ અને નાના બાળકોને ખોરાક પ્રથાની તાલીમ આપવાની છે. રાજકોટ જિલ્લા ના ઉપલેટા અને ધોરાજી ના કુલ ૧૭૯ બહેનો ને તા ૨૭ થી ૨૯ નવેમ્બર-૨૪ સુધી ઈંદ્ધઈત્રઃ ની તાલીમ નું આયોજન કરેલ છે એન. એન. એમ. રાજદીપભાઈ ગજેરા અને પા.પા.પગલી ના સાવાનભાઈ મહિડા એ વીગત જણાવેલ છે.

# સૈનિક સ્કૂલ બાલાચડી ખાતે મ્યુઝીક કોન્સર્ટ યોજાયો

મુખ્ય સમાચાર,જામનગર

જામનગર,સૈનિક સ્કૂલ બાલાચડી, જામનગરમાં સોસાયટી ફોર ધ પ્રમોશન ઓફ ઈન્ડિયન ક્લાસિકલ મ્યુઝિક એન્ડ કલ્ચર અમોન્સ્ટ યુથ (સ્પિક મિકે), જામનગર ચેપ્ટરના સહયોગથી એક મ્યુઝિકલ કોન્સર્ટનું આયોજન કરવામાં આવ્યું હતું.

જેનું સંચાલન જાણીતા શાસ્ત્રીય ગાયકો પં. રિતેશ મિશ્રા અને પં. રજનીશ મિશ્રા. તેમની સાથે તબલા પર પ્રદીપ કુમાર સરકાર અને હાર્મોનિયમ પર અકુલ પંચાલ હતા. આ કાર્યક્રમ શાળાના ઓડિટોરિયમમાં યોજાયો હતો જ્યાં મહેમાનોનું પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યું હતું અને કેડેટ યુવરાજ જેડોન અને કેડેટ ધ્રુવિલ મોદીએ તેમના વિશે ટૂંકમાં પરિચય આપ્યો હતો. સૈનિક સ્કૂલ બાલાચડીનો હેતુ રાષ્ટ્રીય સંરક્ષણ એકેડેમીમાં પ્રવેશ માટે કેડેટ્સમાં સર્વગ્રાહી વ્યક્તિત્વ ઘડવાનો છે. સર્વાંગી વ્યક્તિત્વ બનાવવા માટે સંગીત નિઃશંકપણે મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. જેને ધ્યાનમાં રાખીને સૈનિક સ્કૂલ બાલાચડી દ્વારા સમયાંતરે આવા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. મહેમાન કલાકારોના મંત્રમુગ્ધ અને આનંદદાયક પ્રદર્શને દર્શકોને મંત્રમુગ્ધ કર્યા હતા. તેઓએ નરાગ-મધુવંતીથ રજૂ કરી અને સ્વર અને રાગ વિશે બધાને પરિચય કરાવ્યો. તેઓએ શ્રોતાઓ દ્વારા પૂછવામાં આવેલા ઘણા પ્રશ્નોના જવાબ આપ્યા અને સંગીત વાદ્ય પસ્વર મંડળથ સમજાવ્યું.




આ પ્રસંગે લેફ્ટનન્ટ કર્નલ હરજોત કૌર, કાર્યકારી પ્રિન્સિપાલે સ્મૃતિ ચિન્હ તરીકે શાળા સ્મૃતિ ચિન્હ આપીને મહેમાન કલાકારોનું સન્માન કર્યુ હતું. આ પ્રસંગે, લેફ્ટનન્ટ કર્નલ હરજોત કૌર, કાર્યકારી આચાર્ય, સૈનિક સ્કૂલ બાલાચડીએ પં. રિતેશ મિશ્રા અને પં. રજનીશ મિશ્રાએ તેમના શાનદાર પ્રદર્શન માટે પ્રશંસા કરી અને શાળામાં સંગીત સમારંભ માટે સ્પીક મીકે જામનગર ચેપ્ટરનો આભાર માન્યો હતો. તેણીએ કેડેટ્સને જીવનની સુંદર વસ્તુઓની પ્રશંસા કરવાનું શીખવાની પણ સલાહ આપી. આ કાર્યક્રમનું સંકલન કેકે બાજપેયી, એચઓડી, ભૌતિકશાસ્ત્ર દ્વારા કરવામાં આવ્યું હતું. તો આ બધા બાલાચડિયનો અને દર્શકો માટે એક યાદગાર સાંજ રહી હતી.

# જામનગરની જિલ્લા જેલમાં વિશ્વ એઈડ્સ દિવસ નિમિત્તે જનજાગૃતિ કાર્યક્રમ યોજાયો




જામનગરની જિલ્લા જેલમાં વિશ્વ એઈડ્સ દિવસ નિમત્તે જન જાગૃતિ કાર્યક્રમ અને ટેસ્ટટિંગ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. સમગ્ર પ્રોજેક્ટનાં પ્રિઝન કમ્પોનેટ અંતર્ગત અને જીલ્લા ટીબી એચ.આઈ.વી ઓફિસર અને જીલ્લા જેલ દ્વારા આયોજીત કરવામાં આવ્યું હતું.જામનગરના ડો. ધીરેન પીઠડીયાના અધ્યક્ષ સ્થાને જામનગર જિલ્લા જેલમાં પાકા કામના અને કાચા કામના બંદીવાન ભાઈઓ અને બહેનો માટે એચ.આઈ.વી./એઈડ્સ દિવસે જન જાગૃતિ કાર્યક્રમ નું આયોજન કરાયું હતું. જેમાં ડો. પલક ગણાત્રા દ્વારા એચ આઈ વી લોકથામ માટે અને લક્ષણો પર સાજીદ કરેલા સુભીક્ષા પ્રોજેક્ટ નાં પ્રિઝન પ્રોજેક્ટ કોડીનેટર સુરજ કાનાણી દ્વારા જેલ માં ચાલી રહેલા ટેસ્ટિંગ કાર્યક્રમાં ની રૂપરેખા કહેવામાં આવી હતી.સમગ્ર પ્રોજેક્ટ કોર્ડીનેટર ધર્મેશભાઈ અને આઈસીટીસી માંથી રાહુલ ભાઈ રૂરલ માંથી અને જોષનાબેન તેમજ નેટવર્ક જામનગર જિલ્લા જેલનાં અધિક્ષક શ્રી જાડેજા, જેલ દવાખાના મેડિકલ ઓફિસર ડો ડાગેરા અને જેલ સ્ટાફ દ્વારા સમગ્ર વ્યવસ્થા ઊભી કરવામાં આવી હતી.

# ડો. બાબાસાહેબ આંબેડકરના પરિનિર્વાણ દિન નિમિત્તે મોરબીમાં આગામી ૬ ડિસેમ્બરના ફ્રી મેડિકલ કેમ્પનું આયોજન

- ફ્રી મેડિકલ ચેકઅપ, રક્તદાન અને આંખના નિદાન કેમ્પથી બાબાસાહેબના આદર્શોને શ્રદ્ધાંજલિ




મુખ્ય સમાચાર,મોરબી

ભારત રત્ન ડો. બાબાસાહેબ આંબેડકરના મહા પરિનિર્વાણ દિન નિમિતે બિલીવ ફાઉન્ડેશન દ્વારા મોરબીમાં ફ્રી મેડિકલ ચેકઅપ કેમ્પ, રકતદાન કેમ્પ અને આંખના નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ કેમ્પ ૬ ડિસેમ્બરે મોરબીના સામાકાંઠે સો ઓરડી મેઈન રોડ, ભઠ્ઠાવાળી લાઈન ખાતે બપોરે ૧ થી સાંજે ૭ વાગ્યા સુધી ચાલશે. ડો. બાબાસાહેબ આંબેડકરના પરિનિર્વાણ દિન નિમિતે મોરબીમાં આરોગ્ય પ્રોત્સાહન માટે બિલીવ ફાઉન્ડેશન દ્વારા વિશેષ મેડિકલ કેમ્પનું ભવ્ય આયોજન કરવામાં આવી રહ્યું છે. ૬ ડિસેમ્બર, શુક્રવારના રોજ યોજાનાર આ કેમ્પમાં રાજકોટના ગોકુળ હોસ્પિટલના પ્રખ્યાત ડોક્ટરોની ટીમ મફત ચેકઅપ સેવા આપશે.

આ સાથે રકતદાન માટે લાઈફ કેર બ્લડ બેંકના સહયોગથી ખાસ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે, જ્યારે શિવાય ઓપ્ટોમેટ્રી આઈ ક્લિનિકની સહાયથી આંખના નિદાન અને સારવાર કેમ્પ રાખવામાં આવશે. આ કેમ્પમાં વિવિધ તબીબી સેવા ઉપલબ્ધ હશે અને ગરીબ અને જરૂરિયાતમંદ લોકો માટે વિશેષ લાભદાયક રહેશે. તેમજ વધુ માહિતી માટે ૯૯૨૫૦ ૮૯૪૮૯, ૭૯૯૦૦ ૩૫૦૭૪ તથા ૮૭૮૦૯ ૧૮૪૧૮ ઉપર સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે.

# ગુજરાતમાં ૫૩ ટોલનાકા પરથી ટોલટેક્સ પેટે ૨૫૦૦૦ કરોડની વસૂલી

**મુખ્ય સમાચાર રાજકોટ**

ગુજરાતમાં ૯ નેશનલ હાઈ-વે એવા છે જેના પર ટોલ ટેક્સની કમાણી હાઈ-વેના નિર્માણ ખર્ચ કરતાં વધુ થઈ ગઈ છે. કેન્દ્ર સરકારે લોકસભામાં આપેલા જવાબ મુજબ, રાજ્યના ૫૩ ટોલ પ્લાઝા પરથી હાલ સુધી ૨૪૭૮૦ કરોડ ટોલ વસૂલાયો છે. જયારે રાજયના ૯ નેશનલ હાઈ-વે બનાવવાનો ખર્ચ ૧૧૦૬૧ કરોડ થયો હતો, જેના પર અત્યાર સુધી ૧૯૪૮૩ કરોડ ટોલ લોકો પાસેથી વસૂલાયો છે.

ભરૂચ-સુરત, અમદાવાદ-વડોદરા એક્સપ્રેસ વે, વડોદરા-ભરૂચ અને ગારામોર-સામખિયાળી એવા નેશનલ હાઈ-વે છે જેના પર નિર્માણ ખર્ચ બમણાથી વધુ ટોલ ટેક્સ વસૂલાયો છે. અન્ય એક જવાબ કેન્દ્ર સરકારે જણાવ્યું હતું કે, છેલ્લાં પાંચ વર્ષમાં ગુજરાતમાં ૧૪૬૪ કિલોમીટર રોડને નેશનલ હાઈ-વેનો દરજ્જો મળ્યો છે. ગુજરાત રોડ સેફ્ટી ઓથોરિટીના તાજેતરના રિપોર્ટ મુજબ, રાજ્યમાં નેશનલ હાઈવે પર ૩૫૦૦થી વધુ અકસ્માતમાં ૨૧૦૦ લોકોના મોત અકસ્માતમાં નીપજ્યાં હતા. જયારે છેલ્લા ૫ વર્ષમાં ગુજરાતમાં ૧૪૬૪ કિમી રોડ નેશનલ હાઈવે તરીકે સમાવાયો છે.

ગુજરાતમાં અમદાવાદ- વડોદરા એક્સપ્રેસ હાઈવેનો નિર્માણ ખર્ચ રૂા.૨૧૨૫ કરોડ આવ્યો છે તેની સામે અત્યાર સુધીમાં રૂા.૪૭૦૯ કરોડ ટોલટેક્સ પેટે ઉઘરાવી લેવામાં આવ્યા છે અને આ ઉઘરાણું હજુ પણ ચાલુજ છે. વડોદરા-ભરૂચ વચ્ચેના એકસપ્રેસ વેમાં પણ રૂા.૧૫૮૯ કરોડના ખર્ચ સામે રૂા.૪૪૯૫ કરોડ ઉઘરાવી લેવાયા છે. આ બન્ને ફેઈઝના નિર્માણમાં કુલ રૂા.૩૮૩૩ કરોડના ખર્ચ સામે ૯૨.૪ કરોડનું ઉઘરાણું કરાયું છે.

કંડલા-મુન્દ્રા હાઈવે ૯૫૪ કરોડના ખર્ચે બન્યો હતો. હાલ સુધી તેના ૭૯% એટલે કે ૭૫૩ કરોડ રૂપિયા ટોલ ટેક્સથી વસૂલવામાં આવ્યા છે. બામણબોર-ગારામોર હાઈવે ૪૪૬ કરોડના ખર્ચે તૈયાર થયો.તેના ૫૫% એટલે કે ૨૪૪ કરોડ ટોલથી વસૂલાયા છે. અમદાવાદ-ગોધરા હાઈવે ૧૧૫૫માં બન્યો. તેના ૫૨% એટલે કે ૬૦૫ કરોડ ટોલથી વસૂલાયા છે. જયારે ટોલટેકસની વસુલાતમાં ગુજરાત દેશમાં ત્રીજા નંબરે આવે છે. ૨૦૧૭-૧૮થી ૨૦૨૩-૨૪ સુધીમાં સૌથી વધુ રાજસ્થાનમાં રૂા.૨૭૮૦૭ કરોડ, બીજા નંબરે ઉતરપ્રદેશમાં રૂા.૨૬૭૪૭ કરોડ અને ગુજરાતમાં ૨૩૯૦૩ કરોડનો ટોલટેક્સ વસુલાયો છે.

ગુજરાત રોડ સેફ્ટી ઓથોરિટી મુજબ, ૨૦૧૯થી ૨૦૨૩ દરમિયાન રાજ્યમાં કુલ ૯૮૬૦ લોકોએ નેશનલ હાઈવે પર રોડ અકસ્માતમાં જીવ ગુમાવ્યો હતો. ૨૦૨૩માં જ ૩૫૦૫ અકસ્માતમાં ૨૧૭૮ લોકોએ જીવ ગુમાવ્યો હતો. જ્યારે ૧૭૪૮ લોકોને ગંભીર ઈજા પહોંચી હતી અને તેમને હોસ્પિટલ જવાની જરૂર પડી હતી. જ્યારે ૧૨૦૭ લોકોને સામાન્ય ઈજા પહોંચી હતી. વર્ષ દર વર્ષ નેશનલ હાઈ-વે પર થતાં



અકસ્માતમાં વધારો થયો છે.

ગુજરાતમાં ૨૦૧૯-૨૦થી ૨૦૨૩-૨૪ દરમિયાન સ્ટેટ રોડ, ગ્રીનફિલ્ડ સ્ટ્રેચ મળીને કુલ ૧૪૬૪ કિલોમીટરના રોડને નેશનલ હાઈવે તરીકે સૂચિત કરવામાં આવ્યો છે. આ મામલે ગુજરાત દેશમાં ત્રીજા ક્રમે છે. સૌથી વધુ અરુણાચલ પ્રદેશમાં ૧૮૩૦ કિમી અને આંધ્ર પ્રદેશમાં ૧૭૭૪ કિમી રોડ નેશનલ હાઈવે તરીકે નોટિફાઈ કરવામાં આવ્યો છે. ગુજરાતમાં ૨૦૨૨-૨૩માં સૌથી વધુ ૮૪૪ કિમીનો રોડ નેશનલ હાઈવે તરીકે સમાવાયો છે.


### 9 હાઈવે પર નિર્માણ કરતાં વધુ ટોલટેક્સની વસૂલાત

| નેશનલ હાઈ-વે | નિર્માણ ખર્ચ | ટોલ વસુલી |
|---|---|---|
| અમદાવાદ-વડોદરા એક્સપ્રેસ વે | ૨૧૨૫ | ૪૭૦૯ |
| વડોદારા-ભરૂચ સેક્શન | ૧૭૦૮ | ૪૪૯૫ |
| ભરૂચ-સુરત સેક્શન | ૧૫૮૯ | ૩૧૯૦ |
| સુરત-વાપી સેક્શન | ૧૬૯૩ | ૧૯૫૬ |
| સુરત-હજીરા સેક્શન | ૧૫૦૯ | ૧૬૭૪ |
| ગોધરા-ગુજરાત/એમપી બોર્ડર | ૭૮૬ | ૧૦૪૦ |
| સામખિયાળી-ગાંધીધામ | ૮૦૫ | ૧૦૩૪ |
| ગારામોર-સામખિયાળી | ૩૩૯ | ૭૮૮ |
| નર્મદા બ્રિજ સેક્શન | ૫૦૭ | ૫૯૯ |
| (આંકડા કરોડ રૂપિયામાં) | | |

### દેશના ટોપ-20 ટોલ પ્લાઝામાં ગુજરાતના પાંચ

| ક્રમ | ટોલ પ્લાઝા | ટોલટેક્સ |
|---|---|---|
| ૧ | ભરથાણા (વડોદરા) | ૪૪૯૫ |
| ૬ | ચોર્યાસી (સુરત) | ૩૧૯૦ |
| ૧૧ | સામખિયાળી (કચ્છ) | ૧૦૩૧ |
| ૧૬ | બોરિયાચ (નવસારી) | ૧૦૨૩ |
| ૨૦ | વાસદ (આણંદ) | ૯૩૧ |

## એઈડ્સ જન જાગૃતિનું મેઘધનુષ: ૨૧૦૦ ફૂટ લાંબી વિશાળ રેકોર્ડ બ્રેક રેડ રિબન બનાવાઈ



(તસ્વીરઃ આનંદ જાવિયા)

વિશ્વ એઈડ્સ દિવસ ના પૂર્વ સૂર્યોદય રેસકોસ એથ્લેટિકના વિશાળ ગ્રાઉન્ડમાં જી. ટી. સ્કૂલના રમોત્સવમાં એઈડ્સ પ્રીવેન્સન ક્લબના સથવારે ૨૧૦૦ ફટ લાંબી વિશાળ રેકોર્ડ બ્રેક રેડ રીબીન નિર્માણ કરવામાં આવી હતી, જેમાં શાળાના ધોરણ ૪ થી ૧૨ ના બે હજાર થી થી વધુ છાત્રો, સ્ટાફ અને શાળા પરિવાર જોડાયો હતો. આ કાર્યક્રમમાં શાળાના ટ્રસ્ટીઓ હાજર રહીને બાળકોને શુભેચ્છા પાઠવી હતી. કાલે વિશ્વ એઈડ્સ દિવસ નિમિત્તે સ્કૂલ ઓફ સાયન્સ, ખંભાળા ખાતે સેમિનાર યોજવામાં આવેલ છે, અને સોમવારે કણસાગરા મહિલા કોલેજ ખાતે કોલેજ છાત્રોનો સેમીનાર અને રેડ રીબન સાથે જનજાગૃતિ રેલી નું આયોજન કરવામાં આવેલ છે. આજ દિવસે જિલ્લા શિક્ષણ અધિકારીના સહયોગથી શહેર જિલ્લાની તમામ ૧૫૦૦ થી વધુ શાળાઓમાં ધોરણ નવ થી ૧૨ ના છાત્રો રેડ રિબન બનાવીને રાષ્ટ્રીય એઈડ્સ જનજાગૃતિના કાર્યક્રમમાં ભાગ લેશે , સંસ્થાના ચેરમેન અરુણ દવે જણાવેલ છે

## રાજકોટના અધિક નિવાસી કલેકટરની ગાંધીનગર બદલી

### ગુજરાત સરકાર દ્વારા જીએએસ કેડરના ૩૭ અધિકારીઓની બદલી : રાજકોટના નવા આરએસી એ. કે. ગૌતમ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

ગુજરાત સરકારના સામાન્ય વહીવટ વિભાગે ફરી બદલીનો ઘાણવો કાઢી રાજયના ૩૭ જીએએસ કેડરના અધિકારીઓની બદલી કરવા હુકમ કર્યો છે જે અન્વયે અમદાવાદ, રાજકોટ, પોરબંદર, વડોદરા, અરવલ્લી, ખેડા, મહેસાણા, નવસારી જિલ્લાના અધિક નિવાસી કલેકટરની બદલી કરવામાં આવી છે જેમાં રાજકોટ અધિક નિવાસી જિલ્લા કલેકટર ચેતન ગાંધીની ગાંધીનગર બદલી કરી તેમના સ્થાને એ.કે. ગૌતમને મુકવામાં આવ્યા છે.

સામાન્ય વહીવટ વિભાગ દ્વારા શુક્રવારે સાંજે રાજયના ૩૭ જીએએસ કેડરના અધિકારીઓની બદલી કરવા હુકમ કર્યો છે જે અંતર્ગત રાજકોટ અધિક નિવાસી જિલ્લા કલેકટર ચેતન ગાંધીની ગાંધીનગર પુરવઠા વિભાગમાં જોઈન્ટ ડાયરેકટર તરીકે બદલી કરી તેમના સ્થાને એ.કે.ગૌતમને મુકવામાં આવ્યા છે.

આ બદલી હુકમ અન્વયે પોરબંદર પુરવઠા અધિકારી એચ.પી.જોશી, વડોદરા જીઆઈડીસીના ડેપ્યુટી કલેકટર વાય.એમ.શેખ, અમદાવાદ આરએસી એસ. કે. પટેલ, ખેડા આરએસી બી.કે.જોશી, મહેસાણા આરએસી એસ.સી.સાવલિયા, નવસારી આરએસી કે.પી. જોશી, પોરબંદર આરએસી આર.એમ.રાયઝાદા, વડોદરા આરએસી બી.એસ.પ્રજાપતિ, અરવલ્લી આરએસી જે. કે.જેગોડા સહિત ૩૭ અધિકારીઓની બદલી કરવામાં આવી હતી.

## રાજકોટ બાર એસો.ની ચુંટણીના ઉમેદવારોની મુલાકાત લેતા પ્રદેશ ભાજપ ઉપાધ્યક્ષ



રાજકોટ બાર એસોસિયેશન ની આગામી ચુંટણી માં પ્રમુખ ના ઉમેદવાર પરેશભાઈ મારુ ઉપપ્રમુખ સુમિત ભાઈ વોરા, સેક્રેટરી અતુલ જોશી જોઈન્ટ સેક્રેટરી ગીરીરાજસિંહ જાડેજા ખજાનચી નૈમિશ પટેલ તથા લાઈબ્રેરી કેતનભાઈ મંડ તેમજ કારોબારી સભ્ય પદના ઉમેદવાર પરેશ પાદરીયા સહિત ના ઓ આજે પ્રદેશ ભાજપ ઉપાધ્યક્ષ ભરતભાઈ બોધરાની શુભેચ્છા મુલાકાત લીધેલ હતી

## રાજકોટના યુવાને ખરીદેલી જમીન ઉપર કબજો કરનાર શખ્સની પરિવારને પતાવી દેવાની ધમકી


### જમીનની માપણી કરાવતા અડધી જમીનમાં આરોપીએ કબજો કરી લીધાનું ખુલ્યું, પોલીસ ફરિયાદ લેતી નહી હોવાનો આક્ષેપ

**મુખ્ય સમાચાર રાજકોટ**

મોરબી રોડ પર રહેતા યુવાને જસદણના બળધોઈ ખાતે જમીન ખરીદી હતી. આ જમીનની માપણી કરાવતા એક શખ્સે તેને પર કબજો કરી લીધાનુ જાણવા મળ્યુ હતુ. જમીન ખરીદયાની જાણ થતા આરોપીએ ફરીયાદી યુવાનને અલગ અલગ નંબરોમાંથી જાનથી મારી નાખવાની અને પરીવારને પતાવી દેવાની ધમકીઓ આપતા યુવાને સ્થાનીક બી ડીવીઝન પોલીસ મથકમાં અરજી કરી હતી. પરંતુ પોલીસે આ અરજીમાં આરોપી સામે કોઈ કાર્યવાહી નહી કરતા અંતે યુવાને પોલીસ કમિશનરને લેખીતમાં ફરીયાદ આપવાની ફરજ પડી હતી.

મળતી વિગતો મુજબ મોરબી રોડ પર રહેતા રમેશભાઈ મનજીભાઈ જાદવ નામના યુવાને પોતાની લેખીત અરજીમાં જયવીર અશોક ભોજકનુ નામ આપતા તેમની સામે પોલીસ દ્વારા કાર્યવાહી કરવામાં આવી છે. આ ઘટનામાં રમેશભાઈએ કરેલી આક્ષેપો સાથેની અરજીમાં જણાવ્યુ હતુ કે તેઓ

જમીન મકાન લે વેચનુ કામ કરે છે. તેઓએ રાજકોટ જીલ્લાનાં જસદણ તાલુકાનાં મોજે ગામ બળધોઈમાં આવેલી જમીન પ્રતાપભાઈ જગુભાઈ વાળા પાસેથી ખરીદી હતી. જમીન ખરીદયા બાદ તેમની માપણી કરાવતા તેની અડધી જમીનમાં જયવીર ભોજકે કબજો કરી લીધાનુ જાણવા મળ્યુ હતુ. ત્યારબાદ કબજો કરી લેનાર જયવીર ભોજક નામના શખ્સને ખબર પડી કે રાજકોટના રમેશભાઈ જાદવે આ જમીન ખરીદી લીધી છે ત્યારબાદ તેઓએ અલગ અલગ નંબરમાંથી



ફોન કરી રમેશભાઈને તેમના પરિવારને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી અને તેમનો આ જમીન પર ઘણા વર્ષોથી કબજો છે તેમ જણાવ્યુ હતુ. ડરી ગયેલા પરિવારે બી ડીવીઝન પોલીસ મથકમાં અરજી કરતા અરજીની તપાસ ભગવતીપરા ચોકીમાં મોકલાઈ હતી. આ ઘટનામાં તપાસ કરતા અધિકારીએ આરોપીનો કોઈ સંપર્ક થતો નથી તેમજ આવા ફોનથી ડરવાનું ન હોય તેમ કહી નિવેદનમાં સહી કરાવી તપાસ કરી નાખી હતી.

## ચોટીલા પાસે બલદેવ હોટલના કમ્પાઉન્ડમાં વિદેશી દારૂ ભરેલું ટેન્કર ઝડપાયું

### સ્ટેટ મોનિટરિંગ સેલ ની ટીમે દરોડો પાડી રૂા.૩,૫૩૬ બોટલ દારૂ સહિત રૂા.૩૩ લાખનો મુદ્દામાલ કબજે કરી ટેન્કરના ચાલક રાજસ્થાની શખ્સની ધરપકડ કરીઃ જેતપુરના બુટલેગર અને દારૂનો જથ્થો મોકલનાર ત્રણ શખ્સોની શોધખોળ

**મુખ્ય સમાચાર રાજકોટ**

રાજસ્થાનથી દારૂ ભરેલું ટેન્કર નીકળ્યા બાદ રાજકોટમાંથી પસાર થઈ જેતપુર શહેરમાં દારૂનો જથ્થો પહોંચે તે પહેલા જ ટેટ મોનિટરિંગ સેલની ટીમને રાજકોટ અમદાવાદ હાઈવે પર ચોટીલા પાસે આવેલ બલદેવ હોટલના કમ્પાઉન્ડમાં જ ટેન્કર ઝડપી લઈ રાજસ્થાની ઈસમ ની ધરપકડ કરી રૂપિયા ૩૩ લાખનો મુદ્દા માલ કબજે કરી જેતપુરના બુટલેગર સહિત ત્રણ શખ્સોની શોધ કોડ શરૂ કરી છે.

આ અંગેની પોલીસ માંથી મળતી માહિતી મુજબ રાજકોટ અમદાવાદ હાઈવે પર વિદેશી દારૂની પૂરજોશમાં હેરાફેરી થઈ રહ્યું હોવાથી ગુજરાત સ્ટેટ મોનિટરિંગ સેલ ની ટીમ બુટલેગરો સામે લાલ આંખ કરી છે ત્યારે ગઈકાલે રાજકોટ અમદાવાદ હાઈવે પર ચોટીલા પાસે આવેલ બલદેવ હોટલના કમ્પાઉન્ડમાં એસએમસીના પી.એસ.આઈ. એમ એચ સિનોલ સહિત ના સ્ટાફે દરોડો પડતા વિદેશી દારૂ ભરેલું ટેન્કર મળી આવ્યું હતું પોલીસે ટેન્કરના ચાલક અને રાજસ્થાનના બાલોતરા જિલ્લાના સરવડી ગામે રહેતો અર્જુન દાસ આદુદાસ સદ નામના શખ્સની ધરપકડ કરી તેમ કરની તલાસી લેતા અલગ અલગ બ્રાન્ડની વિદેશી દારૂની ૩,૫૩૬ બોટલ કિંમત રૂપિયા ૨૨.૩૬ લાખ નો દારૂનો જથ્થો મળી આવ્યો હતો પોલીસે વાહન સહિત કુલ રૂપિયા ૩૩ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો ઝડપાયેલા ટેન્કરના ચાલક અર્જુનદાસ ની આખરી પૂછપરછ કરતા તેણે



કબુલાત આપી હતી કે રાજસ્થાનના સરોદી ગામનો ચેતનસિંહ શિવસિંહ રાજપુત અને સંચોર ગામનો ગણેશ બીશ્નોઈ નામના શખ્સોએ દારૂનો જથ્થો મોકલાવ્યો હતો અને આ દારૂનો જથ્થો રાજકોટના જેતપુર નો બુટલેગર જેના મોબાઈલ નંબર આપ્યા હતા તેને પહોંચાડવાનો હોવાનું જણાવ્યું હતું પોલીસે જેતપુરના બુટલેગર સહિત ત્રણ શખ્સોની શોધખોળ શરૂ કરી છે.

## શાળા વિદ્યાર્થીઓએ ભક્તિનગર પોલીસ સ્ટેશનની મુલાકાત કરી વિવિધ વિભાગોની કામગીરી નિહાળી

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ શહેર ના પોલીસ કમીશ્નર બ્રજેશકુમાર ઝા,અધીક પોલીસ કમીશ્નર મહેન્દ્ર બગડીયા ,ઝોન-૧ વિભાગના નાયબ પોલીસ કમીશ્નર સજ્જનસિંહ પરમાર તથા મદદનીશ પોલીસ કમીશ્નર (પૂર્વ વિભાગ) બી.વી.જાધવ તથા સુરક્ષા સેતુ સોસાયટીના રાજકોટ શહેર ના નોડલ અધિકારી મદદનીશ પોલીસ કમીશ્નર એમ.આઈ.પઠાણની સુચનાથી પ્રજા અને પોલીસ વચ્ચે સૌહાર્દપૂર્ણ સંબંધો વિકસે તથા સ્કુલમા અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ પોલીસ વિભાગની વિવિધ કામગીરીથી અવગત થાય તથા પોલીસ પ્રત્યે હકારાત્મક

ભક્તિનગર પોલીસ સ્ટેશન

રાજકોટ શહેર પોલીસ

અભિગમ કેળવાય તેવા હેતુથી ભક્તિનગર પોલીસ સ્ટેશન ના પોલીસ ઈન્સ્પેકટર મયુરધ્વજસિંહ એમ. સરવૈયા સા. ના માર્ગદર્શન હેઠળ તા.૨૯/૧૧/૨૦૨૪ ના રોજ સનરાઈઝ પ્રાઈમરી સ્કુલ ના કુલ-૩૫ વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓ દ્વારા ભક્તિનગર પોલીસ સ્ટેશનની વિઝીટ કરવામા આવેલ ભક્તિનગર પોલીસ સ્ટેશનના પોલીસ સ્ટાફ દ્વારા સૌ પ્રથમ બાળકોને આવકારવામા આવેલ ત્યારબાદ પી.એસ.ઓ., ઈન્વેસ્ટીગેશન, સર્વેલન્સ સ્કોડ, ઈ-ગુજકોપ, સમન્સ/વોરંટ, પાસપોર્ટ,એલ.આઈ.બી.,હાજરી માસ્તર, મુદ્દા માલ/એકાઉન્ટ,ટેક્નીકલ સેલ જેવા વિવિધ વિભાગોની ખુબજ ઉંડાણપૂર્વક સમજ તેમજ માહિતી આપવામા આવેલ તથા પોલીસ વિભાગમા વપરાતા વિવિધ પ્રકારના હથિયારોનુ પ્રદશન કરી તેની બનાવટ તથા મારકક્ષમતા વિશે માહિતી આપવામા આવેલ તથા બાળકોને ગુડ ટચ બેડ ટચ,સાયબર અવેરનેશ તથા ટ્રાફીક નિયમો વિશે પણ માહિતી આપવામા આવેલ પોલીસ સ્ટેશનની મુલાકાત અંતે પોલીસ સ્ટાફ દ્વારા બાળકોને ચોકલેટ આપી મોઢા મીઠાં કરાવવામા આવેલ ઉપરોકત વીઝીટ પુર્ણ થતા વિદ્યાર્થીઓને મળેલ ખુબજ ઉપયોગી માહીતીથી તથા પોલીસ સ્ટેશનના સ્ટાફ દ્વારા મળેલ સાથ સહકારથી ખુબજ ઉત્સાહીત અને આંનદીત થયેલ વિદ્યાર્થીઓ દ્વારા પોતે જાતે બનાવેલા વિવિધ પ્રકારના THANK YOU CARD પોલીસ કર્મચારીઓને આપી પોતાની લાગણી વ્યકત કરેલ વિદ્યાર્થી સાથે આવેલ સ્કુલના શિક્ષકઓ દ્વારા પણ ભક્તિનગર પોલીસ સ્ટેશનના પોલીસ સ્ટાફનો આભાર વ્યકત કરવામા આવ્યો હતો.

## કુવાડવા નજીક સરકારી જમીન પરનું દબાણ દૂર કરાયું

### જમીન ઉપર દબાણની સાથે અસામાજિક પ્રવૃત્તિ ઉપર પણ બુલડોઝર ફરી વળ્યું







રાજકોટ તાલુકાના કુવાડવા ગામ નજીક મઘરવાડા રોડ ઉપર સરકારી જમીન ઉપર ખેતી વિષયક દુબાણ કરી અસામાજિક પ્રવૃત્તિ થતી હોવાની ફરિયાદ બાદ રાજકોટ તાલુકા મામલતદાર દ્વારા શુક્રવારે ઓપરેશન ડિમોલિશન હાથ ધરી ખેતી વિષયક દબાણ ઉપરાંત એક ધાર્મિક દબાણ તેમજ અન્ય બે પાકા મકાન પણ તોડી પાડી કરોડો રૂપિયાની સરકારી જમીન ખુલ્લી કરાવી હતી. પ્રાપ્ત વિગતો મુજબ કુવાડવા ગામના સરકારી ખરાબાના સર્વે નંબર ૫૫૮ પૈકીની અંદાજિત ૫૦૦ ચો.મી. જમીનમાં રહેણાંક મકાનો તથા ધાર્મિક દબાણ થયેલ હોવાની સાથે અહીં એકાદ એકર જેટલી સરકારી જમીન ઉપર ખેતી વિષયક દબાણ કરી અનિષ્ઠ તત્વો દ્વારા અસામાજિક પ્રવૃત્તિ કરવામાં આવતી હોવાથી ગ્રામજનો દ્વારા રાજકોટ તાલુકા મામલતદારને ફરિયાદ કરવામાં આવતા તાલુકા મામલતદારે ઓપરેશન ડિમોલિશન હાથ ધરી કરોડો રૂપિયાની સરકારી જમીન ખુલ્લી કરાવવાની સાથે અસામાજિક પ્રવૃત્તિના કેન્દ્ર ઉપર પણ બુલડોઝર ફેરવી દીધું હતું. વધુમાં ઓપરેશન ડિમોલિશન દરમિયાન રાજકોટ તાલુકા મામલતદાર ટિમ દ્વારા ગ્રામજનોની ફરિયાદને આધારે કુવાડવા – મઘરવાડા રોડ ઉપર આવેલ એક મેલડી માતાજીનું મંદિર તેમજ બે પાકા મકાન, વરંડો અને ખેતી વિષયક દબાણો દબાણો દૂર કરતા ગ્રામજનોએ રાહત અનુભવી હતી.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT


# ભુપગઢ ગામે સરકારી સ્કુલ ને ધરાશાહી કરી માલસામાન બારોબાર વેચી દઈ ભ્રષ્ટાચાર આચાર્યો

## ગ્રામ પંચાયત સભ્યો અને સરપંચ સહિતના શખ્સોએ મિલીભગત કરી ભ્રષ્ટાચાર આચાર્ય હોવાની આશંકા,,: આર.ટી.આઈ એક્ટિવિસ્ટ દ્વારા માહિતી માગવામાં આવતા ભાંડો ફુટ્યોઃ સરકારી તંત્રની મંજૂરી વગર સ્કુલ ધરાશાહી કરી હોવાનો ખુલાસા

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ તાલુકાના ભુપગઢ ગામે વર્ષો જૂની સરકારી પ્રાથમિક શાળા ને ધરાશાહી કરી નાખ્યા બાદ તેનો માલ સામાન બરોબર વેચી દે ભ્રષ્ટાચાર આચાર્યો હોવાની વિગતો બહાર આવી છે આરટીઆઈ એક્ટિવિસ્ટેટ માંગેલી માહિતીમાં ખુલાસો થતા ગામ લોકો ચોકી ઉઠ્યા હતા.

ભુપગઢ ગામના રહેવાસી આરટીઆઇ એક્ટિવિસ્ટ બીજલભાઈ દ્વારા જણાવવામાં આવ્યું હતું કે આજ ના યુગમાં શિક્ષણ ખૂબ જ મહત્વનું સમાજ માટે અને બાળકોના ઘડતર માટે અંગ બની ગયું હોય ત્યારે ઉપગટ ગામે વર્ષો જૂની પ્રાથમિક શાળા આવેલી હોય અને ગામના બાળકો આ પ્રાથમિક શાળામાં અભ્યાસ કરી મોટા થઈ પોતાના નોકરી ધંધા કે વ્યવસાય કરતા શરૂ થયા છે ત્યારે હાલ શિક્ષણ નું ખાનગીકરણ થયું હોય તેમ અનેક ગામોમાં સરકારી પ્રાથમિક શાળાઓ ને તાળા લગાવી દેવામાં આવ્યા છે અને આ પ્રાથમિક શાળાઓ ના ઓરડા ચર્જરી થઈ ગયા હોય ભુપગઢ ગામમાં આવેલી પ્રાથમિક શાળા જર્જરીત થઈ ગઈ હતી પરંતુ ગ્રામ પંચાયત ના તંત્ર વાહકો દ્વારા આ જર્જરી બિલ્ડીંગ હટાવવા માટે સરકારની પૂર્વ મંજૂરી લેવી પડતી હોય પરંતુ ભુપગઢ ગામના સરપંચ તથા તાલુકા પંચાયતના સભ્યો એ મીલીભગત કરી ભ્રષ્ટાચાર આચરવા માટે આ પ્રાથમિક શાળા ને ધરાશાહી કરવા માટે સરકારની કોઈ મંજૂરી લીધા વગર બિલ્ડીંગ પાડી નાખવામાં આવ્યું હતું. આશરે ૬૦૦ વાર જેટલી જગ્યામાં ઉભેલા ચાર ઓરડા સ્લેબ વાળા હોય જે પાડી નાખી તેમાંથી નીકળેલ બારી દરવાજા તથા લોખંડ સહિતનો માલ સામાન બારોબાર વેચી દઈ ભ્રષ્ટાચાર કરવામાં આવ્યો હોય તેવું ફલિત થયું હતું આર.ટી.આઈ માં માહિતી માગવામાં આવતા તાલુકા પંચાયતના તંત્ર વાહકોએ હાથ ઊંચા કરી દીધા હતા અને કોઈ પણ પ્રકારની મંજૂરી લીધા વગર આ પ્રાથમિક શાળા ના બિલ્ડીંગ ને ધરાશાહી કરવામાં આવ્યું હોવાનો ખુલાસો થયો હતો બીજી તરફ આ




માલ સામાન સરકારી હોય જેનું વેચાણ કરવું હોય તો પણ હરાજી કરવી પડે અને આ અંગે અખબારમાં નોટિસ આપવી પડે પરંતુ આ ભ્રષ્ટાચાર આચરવા માટે તેઓએ કોઈ નોટિસ અખબારમાં આપી ન હોય અને કોઈ પણ પ્રકારની હરાજી કર્યા વગર રાજકોટમાં રહેતા ભંગારના ધંધાર્થીને માલ સામાન બરોબર વેચી દેવામાં આવ્યો હોય તેવું આર.ટી.આઈ માં માહિતી માગતા ખુલાસો થયો હતો આ બાબતે ઉચ્ચ અધિકારી ને લેખિતમાં રજૂઆત કરવામાં આવી છે આવનારા દિવસોમાં ગામના સરપંચ અને તાલુકા પંચાયતના સભ્યો ને પણ આંકડા પગલાં ભરાઈ તેવા સંજોગો વર્તાઈ રહ્યા છે.

# અગ્નિકાંડના આરોપી અશોકસિંહ અને કિરીટસિંહને ભત્રીજાના લગ્ન માટે ૪૮ કલાકની જેલમુક્તિ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

ચકચારી અગ્નિકાંડ કેસના આરોપી અશોકસિંહ જાડેજા અને કિરીટસિહ જાડેજાએ કૌટુંબિક ભત્રીજાના લગ્ન પ્રસંગમાં જવા માટે ૧૫ દિવસના જામીન માંગ્યા હતા. જેમાં અદાલતે પોતાનો નિર્ણય આપીને આરોપીઓને ફક્ત પ્રસંગમાં હાજરી આપવા માટે સ્વ ખર્ચે પોલીસ જાપ્તા સાથે ૪૮ કલાક ની જેલ મુક્તિ આપી છે. નાનામવા મેઈન રોડ પર આવેલ ટીઆરપી ગેઈમઝોનમાં લાગેલી આગમાં ૨૭ લોકો જીવતા હોમાઈ ગયા હતા.આ ઘટનાથી આખા દેશમાં ઘેરા પ્રત્યાઘાત પડ્યા હતા. પોલીસે એક પછી એક કડી મેળવી જમીનનાં માલિક તેમજ ભાગીદાર બંધુ અશોકિસહ જાડેજા અને કિરીટસિંહ જાડેજા સહિત ૧૫ લોકો સામે ગુન્હો નોંધ્યો હતો.આરોપીએ ધરપકડ થી બચવા મૂકેલા આગોતરાં જામીન અરજી કોર્ટે ફગાવી દીધી હતી. જે બાદ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા બંનેની ધૂરપકડ કરવામાં આવી હતી. સેશન્સ કોર્ટમાં પોલીસે ચાર્જશીટ રજૂ કરતાં બંને આરોપીએ જામીન અરજી દાખલ કરી હતી જે પણ અદાલતે રદ કરી હતી. બંને આરોપીઓના કૌટુંબિક ભત્રીજાના લગ્ન હોય ત્યારે પોતાના વકીલ મારફતે ૧૫ દિવસના વચગાળાની જામીન અરજી સેશન્સ કોર્ટમાં દાખલ કરવામાં આવી હતી. જેની સુનાવણી ૨૬/૧૧ થયા બાદ ગઈકાલે અદાલતે ચુકાદો આપતા જણાવ્યું હતું કે, આરોપીઓને તારીખ ૫મી ડિસેમ્બરના સાંજના પાંચ વાગ્યાથી ૭મી ડિસેમ્બરના સાંજના પાંચ વાગ્યા સુધી એટલે કે ૪૮ કલાક



માટે પોલીસ જાપ્તા સાથે પ્રસંગમાં હાજરી આપી શકશે. સાથો-સાથ પોલીસે જાપ્તાનો ખર્ચ પણ આરોપીને આપવાનો રહેશે. ઉલ્લેખનીય છે કે, કોર્ટના નિર્ણય બાદ આરોપીઓની કેટલો સ્ટાફ જાપ્તા સાથે આપવો તે અંગે હવે કોર્ટ પોલીસ પ્રશાસન નિર્ણય કરશે. સૂત્રો પાસેથી મળતી વિગતો મુજબ, હાલ જો એક પોલીસ કોન્સ્ટેબલ જાપ્તામાં ફાળવવામાં આવે તો ૧૦ હજાર અને પીએસઆઈ હોય તો ૨૦-૨૫ હજાર જેટલો ખર્ચો થાય છે.

# ધોરાજીના તોરણીયામાં ગળુ કાપી યુવતીની હત્યાઃ શકમંદ યુવકનો આપઘાત

## મૃતક યુવતી અને યુવક બંને મામા-ફઈના ભાઈ-બહેન થતા હતા

**મુખ્ય સમાચાર,ધોરાજી**

ધોરાજી તાલુકાના તોરણીયા ગામે ખેત મજૂરી કરી રહેલ ૨૧ વર્ષીય યુવતીની ગળુ કાપી નિર્મમ હત્યા થઈ હોવાનું મોડી સાંજે ઘટના બનવા પામી હતી.યુવતીની હત્યા બાદ થોડા સમયગાળા બાદ એક યુવકે ઝેરી દવા પી જીવનનો અંત આણ્યો હતો આ બંને ઘટના થોડા કલાકો ના અંતરે બનતા પોલીસ દોડતી થઈ જવા પામી હતી.બંને મામા-ફઈના ભાઈ બહેન થતા હતા. ધોરાજી તાલુકાના તોરણીયા ગામે રહી મજૂરી કામ કરતા પરિવારની ૨૧ વર્ષની યુવતી હરમિત જીવનલાલ ડાભી જે ખેત મજૂરી કરતી હતી ત્યારે યુવતીના ગળાના ભાગે તીક્ષ્ણ હથિયાર ના ઘા મારી ગળું કાપી નાખવાની ઘટના બનતા આસપાસના સ્થાનિક લોકોએ લોહી લુહાણ હાલતમાં પડેલ યુવતીને ધોરાજી સરકારી હોસ્પિટલ ખાતે ખસેડી હતી. અને પોલીસ પણ હોસ્પિટલ ખાતે દોડી ગઈ હતી જ્યાં ફરજ પરના ડોક્ટરોએ પ્રાથમિક તપાસ કરતા યુવતી મૃત્યુ પામી હોવાની જાહેર કર્યું હતું. જે આધાર કાર્ડ મળ્યું તેમાં ધાર્મિક જીવનલાલ ડાભી ઉંમર વર્ષ ૨૧ રહેવાસી રાયધરા પુલ પાસે, સુપેડી, જાણવા મળ્યું હતું.અમુક સ્થાનિકોએ જણાવેલ કે આ યુવતી ની કોઈ યુવક દ્વારા હત્યા કરવામાં આવી હતી જેના આધારે પોલીસે યુવકને શોધવા સક્રિય ગતિમાન કર્યા હતા.જ્યારે બીજી તરફ પોલીસે જે શકમંદ યુવકની તપાસ હાથ ધરી હતી એ યુવકે ઝેરી દવા પી જીવનનો અંત આણી દેતા બનેલી બંને ઘટનાથી ચકચાર મચી જવા પામી હતી. સુત્રો માંથી મળતી વિગતો પ્રમાણે યુવતી ની હત્યા કરનાર યુવકની



પોલીસ દ્વારા શોધખોળ ચાલી રહી હતી એ દરમિયાન તોરણીયા ગામે જ રહેતા અને મજૂરી કામ કરતા જીગ્નેશ ટીડાભાઈ દેગામા નામના યુવકે ઝેરી દવા પી લેતા તેને પણ ધોરાજી સરકારી હોસ્પિટલ ખાતે સારવારમાં ખસેડવામાં આવેલ જ્યાં તેમને ફરજ પરના ડોક્ટરોએ મૃત જાહેર કરેલ હતો. યુવક અને યુવતી બંનેના મોતના બનાવથી તેના સગા સંબંધીઓ મોટી સંખ્યામાં ધોરાજી સરકારી હોસ્પિટલ ખાતેદોડી આવ્યા હતા જ્યાં તેમના પરિચિતોએ જણાવ્યું હતું કે મૃતક યુવક અને યુવતી બને મામા ફઈ ના ભાઈ બહેન થતા હોવાનું પ્રાથમિક વિગતોમાં જાણવા મળ્યું હતું.પ્રાથમિક વિગતો પ્રમાણે મૃતક યુવાન એ યુવતીની હત્યામાં શકદાર તરીકે ગણાઈ રહ્યો હતો.

# કારના એર ફિલ્ટરમાં છુપાવ્યું હતું ૧.૪૭ કરોડનું કોકેઈન, કચ્છમાં દંપતી સહિત ચાર પકડાયા

## ભચાઉ તાલુકાના લાકડીયા હાઈવે પરથી હરિયાણાની કારમાંથી કોકેઇન મળી આવ્યું

**મુખ્ય સમાચાર,રાજકોટ**

ભચાઉ તાલુકાના લાકડીયા ધોરી માર્ગ પર રાત્રીના સમયે એસઓજીની ટીમ દ્વારા હરિયાણા પાસીંગ કાર અટકાવી તલાશી કરવામાં આવતા બોનેટમાં આવેલા એર ફિલ્ટરના નીચેના ભાગે છુપાવેલું ૧.૪૭ કરોડનું કોકેઈન મળી આવ્યું હતું. પોલીસે પંજાબના દંપતી સહિત ચારની ધરપકડ કરી હતી. જ્યારે સપ્લાયરને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યો હતો.

વધુ વિગતો મુજબ, પૂર્વ કચ્છ એસ.પી. સાગર બાગમારના જણાવાયા અનુસાર, રાત્રીના સમયે કચ્છના લાકડીયા ધોરી માર્ગ પર રાત્રીના સમયે એસઓજીની ટીમ દ્વારા વાહન ચેકીંગ કરવામાં આવી રહ્યું હતું. ત્યારે એક હરિયાણા પાસિંગની કાર શંકાસ્પદ લાગતા તેને અટકાવી તેની તલાશી કરવામાં આવી હતી. જેમાં કારના બોનેટ નીચે એર ફિલ્ટરમાં છુપાવેલું ૧.૪૭ કીલોગ્રામ કોકેઈન જેની બજાર કિંમત રૂ.૧.૪૭ કરોડ થાય છે તે મળી આવ્યું હતું. કારમાં બેઠેલા હનિરસિંગ બિન્દરસિહ શીખ (ઉં.વ. ૨૭)ની મૂળ રહેવાસીઃ લહેરાદુર કોટ, તા. રામપુરા ફુલ, જી. ભટીન્ડા, પંજાબ કારના ડ્રાઈવર તરીકે ઓળખ થઈ છે. સંદીપસિંગ પપ્પુસિંગ શીખ (ઉં.વ.૨૫) મૂળ રહેવાસીઃ વોર્ડ નં. ૪, રામપુરા ફુલ, જી. ભટીન્ડા, પંજાબ પાછળની બેઠક પર મુસાફરી કરી રહ્યો હતો. જસપાલકોર ઉર્ફે સુમન ગુલવંતસિંગ ઉર્ફે શનિભાઈ (ઉં.વ. ૨૯) અને અર્શદીપકોર સદીપસિંગ શીખ (ઉં.વ.૨૧)ની રપકડ કરવામાં આવી છે. ચારેયની પૂછપરછમાં એક મહિલા માલ મોકલનારની પત્ની હોવાનું તપાસમાં જાણવા મળી રહ્યું છે. તેમજ સપ્લાય કરનાર શખ્સને



વોન્ટેડ જાહેર કરવામાં આવ્યો છે.

ચારેય સામે એનડીપીએસ ધારા હેઠળ ગુનો નોંધી પંચનામું કરવામાં આવ્યું હતું. આ ઘટનામાં મુખ્ય આરોપી હનિરસિંગ બિન્દરસિંહની પુછપરછ કરવામાં આવતા આ કોકેઈન તેમના મિત્ર ગુલવંતસિહ ઉર્ફે શનિસિપે મુકલાવ્યું હતું. આ કોકેઈન કચ્છમાં કોને આપવાનું હતું? તે અંગે હાલ પૂછપરછ કરવામાં આવી રહી છે.

# સિવિલ હોસ્પિટલમાં દર્દીના સગા અને સિક્યુરિટી વચ્ચે બબાલ

- દાખલ દર્દી પાસે રહેલા ત્રણ સંબંધીને બહાર કઢાતા એક્સ આર્મીમેનને દર્દીના સગાએ પાટા માર્યા

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ સિવિલ હોસ્પીટલમાં અવાર-નવાર દર્દીના સગા અને સ્ટાફ વચ્ચે ઝઘડો અને મારામારીના બનાવો સામે આવતા રહે છે ત્યારે આજે વધુ એક બનાવમાં સિવિલના ઈમરજન્સી વોર્ડ પાસે દર્દીના સગા અને સિક્યુરીટી સ્ટાફ વચ્ચે ઝપાઝપી થઈ હતી. બનાવને પગલે ટોળા ઉમટી પડયા હતા.



જાણવા મળતી વિગત મુજબ કોઠારીયા સોલવન્ટમાં રહેતા ચંદુભાઇ રવજીભાઇ જોટાણીયા (ઉ.વ.૫૭) નામના પ્રૌઢને છાતીમાં દુખાવો ઉપડતા સિવિલ હોસ્પીટલમાં ખસેડવામાં આવતા તબીબો દ્વારા તેમને ઈમજન્સી બિલ્ડીંગમાં આવેલા વોર્ડ નં.૧૧માં દાખલ કરવામાં આવ્યા હતા.

વોર્ડમાં દર્દી પાસે એક વ્યકિતને રોકાવાનો નિયમ હોવા છતા દર્દી પાસે ત્રણ સંબંધી બેઠા હોવાથી એકસ આર્મીમેને સંબંધીઓને વોર્ડમાંથી બહાર જવા કહ્યું હતું. જેથી દર્દી ચંદુભાનિ પુત્ર દિનેશે એકસ આર્મીમેન સાથે બોલાચાલી કરી પાટા મારી દીધા હતા.

દરમિયાન સિક્યુરીટી સ્ટાફ દ્વારા દિનેશને પકડી વોર્ડમાંથી નીચે ઉતારવામાં આવ્યો હતો ત્યારે ઈમરજન્સી વિભાગના દરવાજા પાસે પણ દિનેશે સિકયુરીટી સ્ટાફ સાથે ઝપાઝપી કરી હતી. હોસ્પીટલમાં બબાલ થતા લોકોના ટોળા ઉમટી પડયા હતા.

# ભક્તિનગર સ્ટેશન પ્લોટમાં કંપનીમાં કામ કરતા યુવાન પર સહ કર્મચારીનો હુમલો

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ શહેરમાં નાના મવા રોડ સ્પીડવેલ પાર્ટી પ્લોટ પાછળ કણકોટ રોડ પર વીર હનુમાન ટાઉનશીપ એ-વીંગ બ્લોક નં. ૩૧૨માં રહેતાં કરણ અશોકભાઈ લોધા (ઉ.વ.૨૨)ની ફરિયાદ પરથી જામનગર રોડ સત્યમ પાર્કમાં રહેતાં મનોજ હસમુખભાઈ ગોહેલ (ઉ.વ.૪૨) વિરૂધ્ધ ગુનો નોંધી તેની ધરપકડની તજવીજ આદરી હતી.

કરણે જણાવ્યું હતું કે,હું ભક્તિનગર સ્ટેશન પ્લોટ શેરી નં.૫૫માં આવેલી સ્લીપવેલ કંપનીમાં ગાદલા બનાવવાનું કામ કરુ છું.૨૧મીએ સવારે નવેક વાગ્યે હું કંપની ખાતે ગાદલા બનાવવાના ગોડાઉનમાં મારી નોકરી પર હતો, એ વખતે સાંજે સાતેક વાગ્યે ગાદલાનું માપ લેવાનું કામ કરતો હતો ત્યારે આ ગોડાઉનમાં જ કામ કરતાં મનોજે મને સોલ્યુશનનના ડબલા ભરવાનું કહેતાં મેં તેને સોલ્યુશનના ડબલા ભરવાની ના પાડી હતી. કારણ કે મારા શેઠે વધુ સોલ્યુશન લેવાની ના પાડી હતી. આ કારણે મનોજ ઉશ્કેરાઈ ગયો હતો અને મને ગાળો દેવા માંડયો હતો. મેં તેને ગાળો બોલવાની ના પાડતાં તેણે વધુ ઉશ્કેરાઈ મારી સાથે ઝપાઝપી કરી ઢીકાપાટુ માર્યા હતાં અને એક ઝાપટ મારી પેટમાં પાટુ મારી દીધુ હતું. તેમજ તેની પાસે રહેલી કોઈ ધારદાર વસ્તુથી પણ મને બે ત્રણ ઘા માથાની જમણી બાજુએ મારી દેતાં હું લોહીલુહાણ થઈ જતાં સાથે કામ કરતાં જશવંતભાઈ મને દવાખાને લઈ ગયા હતાં. પરંતુ મને દવાખાને જવાની જરૂર ન લાગતાં અમે રસ્તામાંથી પાછા ગાદલાની કંપનીએ આવી ગયા હતાં. અહિં મને ઈજા થઈ હોઈ ત્યાં રૂ લગાવતાં લોહી બંધ થઈ ગયું હતું. એ પછી મેં સમગ્ર બનાવની જાણ અમારા શેઠ રાજેશભાઈને કરી હતી. તેમણે મને આ વાત ઘરે ન કરતો, આપણે વચલો રસ્તો કાઢશું તેમ કહેતાં રાતે હું ઘરે જતો રહ્યો છેતો. રસ્તામાં મને ચક્કર આવતાં હોઈ રાતે અગિયારેક વાગ્યે ખાનગી હોસ્પિટલમાં સારવાર લીધી હતી અને રજા લઈ ઘરે ગયો હતો. બીજા દિવસે બાવીસમી તારીખે મારા માતાએ મારા શેઠને વાત કરી હતી અને ત્યારે સમાધાનની વાત થઈ હતી. પણ હવે અમારે સમાધાન કરવું ન હોઈ પોલીસને હવે જાણ કરી હતી. ઈજાને કારણે માથામાં ૯ ટાકા લેવા પડયા હતાં. પીઆઈ આર. જી. બારોટના માર્ગદર્શનમાં પીએસઆઈ એસ. એમ. રાણાએ ગુનો નોંધી કાર્યવાહી કરી હતી.

# રાજકોટમાં ભંગારના વેપારીને ત્યાં સ્ટેટ જીએસટી વિભાગ ત્રાટક્યું

સ્ટેટ જીએસટી છેલ્લા ઘણા સમયથી એક્શનમાં આવ્યું છે. અને રાજ્યવ્યાપી દરોડા પાડી રહ્યું છે. ત્યારે રાજકોટમાં કેમીકલના વેપારી બાદ ભંગારના ધંધાર્થીઓને ત્યાં પણ દરોડા પાડવામાં આવ્યાં હતાં. આ દરોડામાં અત્યંત ખાનગી રાહે તપાસ કરવામાં આવી રહી છે. અને શંકાસ્પદ દસ્તાવેજો જપ્ત કરવામાં આવ્યા છે. આ અંગેની સૂત્રો માંથી મળતી વિગતો મુજબ રાજકોટ શહેરનાં જુદા-જુદા ઈન્ડસ્ટ્રીયલ એરિયામાં આવેલા ૪ થી ૫ જેટલા લોખંડ ભંગારનાં ધંધાર્થી ઓને ત્યાં જી.એસ.ટી.વિભાગે આજે સવારથી દરોડા પાડયા છે. અને કરચોરી અંગે સઘન તપાસણી હાથધરી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, રાજકોટ સહિત સૌરાષ્ટ્રમાં છેલ્લા ઘણા સમયથી લોખંડ ભંગારનાં ધંધાર્થીઓ દ્વારા બોગસ વિલીંગ કરી અને કોઈ બિલ કે આધાર વિના વેંચાણ-ખરીદી કરી કરોડો રૂપિયાની કરચોરી કરવામાં આવે છે.ફરી આવી ફરીયાદો વધતા રાજકોટ જી.એસ.ટી.વિભાગે આજે દરોડા પાડી કરચોરી અંગે તપાસ હાથધરી હોવાનું જાણવા મળી રહ્યું છે.

# લોકગાયિકા ફરીદા મીરને મારામારી અને ધમકી આપવાના કેસમાં નિર્દોષ મુક્ત કરતી કોર્ટ

ગુજરાતની સુપ્રસિદ્ધ લોકગાયિકા અને જે તે સમયના ગુજરાતના ગૌરક્ષક સમિતિના ડિરેક્ટર ફરીદાબેન મીરને માર મારી અને જાનથી મારી નાખવાની ધમકી આપવાના ગુનામાં નિર્દોષ મુક્ત કરવા કોર્ટે હુકમ કર્યો છે. આ કેસની હકીકત મુજબ ગુજરાતની સુપ્રસિદ્ધ લોકગાયિકા ફરીદાબેન મીર વર્ષ ૨૦૧૩માં ગુજરાતના ગૌરક્ષક સમિતિના ડિરેક્ટર હતા તે દરમિયાન આઈસર ગૌવંશને કતલખાને લઈ જવાતા હોવાની બાકી મળતા લોકગાયિકા ફરીદાબેન મીર સહિતના ચાર વ્યક્તિએ ફરિયાદી મનોજભાઈ જીવરાજભાઈ પનારાને અટકાવી તેની પાસેથી દસ્તાવેજોની માંગણી કરી હતી. જે દસ્તાવેજો ન બતાવતા લોક ગાયિકા ફરીદાબેન મીર સહિતના ચારેય વ્યક્તિઓએ મનોજભાઈ પનારાને માર મારી વાહનમાં નુકશાન કરી ધમકી આપ્યાની મનોજભાઈ પનારાએ કુવાડવા રોડ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. જે કેસમાં તપાસ અધિકારી દ્વારા અદાલતમાં ચાર્જશીટ રજૂ કરવામાં આવ્યું હતું. જે કેસ અદાલતમાં ચાલવા ઉપર આવતા લોક ગાયિકા ફરીદાબેન મીરના વકીલ દ્વારા કુલ અલગ અલગ આઠ સાક્ષી, તમામ પંચ અને સાહેદોની ઉલટ તપાસ કરી હતી. જે તમામ તપાસુચહ પૂર્ણ થઈ જતા લોકગાયિકા ફરીદાબેન મીરના વકીલ દ્વારા કરવામાં આવેલી દલીલ અને રજૂ રાખેલા ઉચ્ચ અદાલતના ચુકાદાઓને ધ્યાને લઈ અદાલતે લોકગાયિકા ફરીદાબેન મીરને નિર્દોષ ઠરાવી મુક્ત કરતો હુકમ કર્યો છે. આ કેસમાં લોકગાયિકા ફરિદાબેન મીર વતી એડવોકેટ પિયુષભાઈ શાહ, અશ્વિનભાઈ ગોસાઈ, ચિત્રાંક એસ. વ્યાસ, નેહા પી. રાવલ, રવિ આર. મુલીયા, કશ્યપભાઈ ઠાકર, ભાવીનભાઈ રૂપાણી, બીનાબેન પટેલ, સાગર વાટલીયા, સચીન ગોસ્વામી, રાજુભાઈ ગોસ્વામી, કપીલ આર. મુલીયા અને રીનાબેન સરના રોકાયા હતા.


# રાજકોટમાં બે ઘરફોડ ચોરી કરનાર તસ્કર જૂનાગઢથી ઝડપાયો

**મુખ્ય સમાચાર,રાજકોટ**

શહેરના ભક્તિનગર પોલીસ સ્ટેશનના ઘરફોડ ચોરીના બે ગુન્હાઓમા છેલ્લા ત્રણ માસથી નાસતા ફરતા આરોપીને નાસતા ફરતા સ્કવોડ ઝોન-૧ ટીમે પકડી લીધો છે.

રાજકોટ શહેરના અલગ અલગ પોલીસ સ્ટેશનના ગુજરાત રાજ્ય તથા દેશના અલગ અલગ રાજ્યોના પોલીસ સ્ટેશન વિસ્તારના ગુન્હાઓમા નાસતા ફરતા આરોપીઓને પકડી પાડવા માટે સુચના મળી હોઈ જે અન્વયે પો.સબ.ઈન્સ. બી.વી.બોરીસાગર તથા નાસતા ફરતા સ્કવોડ ઝોન-૧ ટીમ દ્વારા સી.ડી.આર. એનાલીસીસ તથા હયુમન સોર્સથી ખાનગી રાહે હકીકત મેળવી ઈવનગર ગામથી જુનાગઢ જવાના રસ્તા પરથી ગોવિંદ ઉર્ફે હોઠારો ચંદુભાઈ ચુડાસમા (ઉ.વ.૨૫ રહે. હાલ ઈવનગર તા.જી. જુનાગઢ)ને પકડી લીધો છે.

આ શખ્સ રાજકોટ એ ડિવિઝન, શાપરના ગુનાઓમાં અગાઉ સંડોવાયો



હતો. જ્યારે ભક્તિનગર પોલીસના ચોરીના બે ગુનામાં નામ ખૂલતાં ફરાર હતો.

પોલીસ કમીશ્નર બ્રજેશ કુમાર ઝા તથા એડી. પોલીસ કમીશ્નર મહેન્દ્ર બગડીયા તથા નાયબ પોલીસ કમીશ્નર ઝોન-૧ સજનસિંહ પરમારની સૂચના અનુસાર પો.સબ.ઈન્સ. બી.વી.બોરીસાગર તથા નાસતા ફરતા સ્કોડ ઝોન-૧ના એ.એસ.આઈ. પીયુષભાઈ ત્રિવેદી તથા જયપાલસિંહ ઝાલા તથા પો.કોન્સ. નરેશભાઈ ચાવડા તથા અમીતભાઈ તેરૈયા તથા યુવરાજસિંહ જાદવએ આ કામગીરી કરી હતી.

# જેતપુરમાં યુવાનને ઉંચા વ્યાજે નાણા આપી પઠાણી ઉઘરાણી કરનાર વ્યાજખોરો સામે ફરિયાદ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

જેતપુરમાં ચાંપરાજપુર રોડ પર ભોજાધારમાં રહેતાં અને ટ્રક ચલાવી પરિવારનું ગુજરાન ચલાવતા વિજય ગીરધરભાઈ મકવાણા (ઉ.વ.૩૪) એ દેવેન્દ્ર ઉર્ફે દેવો વિક્રમ સરવૈયા (રહે. ખિરસરા, જેતપુર), જીગો ભેડા (રહે. ફૂલવાડી, જેતપુર), સંજય વાળા (રહે. મોણપર, જેતપુર) વિમલ વાળા (રહે. મોણપર) અને ધીરૂ મેર (રહે. જેતપુર) સામે વ્યાજ પડાવવા ધાક ધમકી આપતા હોવાની ફરિયાદ આપતાં જેતપુર સીટી પોલીસે મનીલેન્ડ સહિતની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. જેમાં ફરિયાદી વિજયભાઈએ જણાવ્યું હતુ કે, તેઓ છેલ્લા સાતેક વર્ષથી આઈશર (ટ્રક) ગાડી ચલાવે છે. જેતપુર માર્કેટીં ગ યાર્ડ ખાતેથી જણસ ભરીને જુદી જુદી જગ્યાએ ડીલીવરી કરે છે. સાતેક વર્ષ પહેલા આઈશર ગાડીમાં ખર્ચો થતા દેવેન્દ્ર ઉર્ફે દેવો સરવૈયા પાસેથી રૂ.૫૦ હજાર વ્યાજ પેટે લીધેલ જેમાંથી રૂ. ૩૭,૫૦૦ આપેલ અને ૧૦૦ દીવસ સુધી દરરોજ ૫૦૦ રૂપીયા પેટે હપ્તા આપવાના હતા. તેને વ્યાજના રૂ.૧૨,૫૦૦ અગાઉ કાપી લીધેલ હતાં. તેઓ દરરોજ દેવાને તેમના હપ્તાના રૂપીયા ૫૦૦ ફુલવાડી રોડ પર આવેલ પાનની દુકાને દેવા જતો હતો. પાંચેક વર્ષ પહેલા તેમની પાસેથી રૂ.૨ લાખ માસીક ૧૦ ટકા વ્યાજના દરેથી લીધેલ હતાં. આ દરમિયાન તે એક-બે વખત હપ્તો આપવાનું ચુકી જતા વધારે રૂપીયાની જરૂરીયાત ઉભી થતા ત્રણેક વર્ષ પહેલા તેમની પાસેથી રૂ.૨ લાખ માસીક ૧૦ ટકાના દરે વ્યાજે લીધેલ જે રૂપીયામાંથી તેમને અગાઉ લીધેલ વ્યાજના રૂપિયાના બાકી હપ્તા કાપી લઈ રૂપીયા આપ્યા હતા. હાલ દર મહીને તે રૂ.૫.૫૮ લાખનું માસીક ૧૦ ટકાના દરે રૂ.૫૮ હજાર ચૂકવે છે. તેમ છતા દેવાએ તેમની આઈશર ગાડીની આર.સી.બુક તેમની પાસેથી લઈ ટીટીઓ ફોર્મમાં પણ તેમની સહી કરાવી લીધી એટલું જ નહિ, ત્રણ કોરા ચેક પણ લઈ લીધા હતાં. છતાં દેવાનો ભાઈ જીગો ભેડા(ખાંટ)એ ઉઘરાણી કરી આઈશર ગાડી ખીરસરા ગામે મુકી જા નહીંતર મજા નહી આવે, તેવી ધમકી આપી હતી. બાદમાં વ્યાજખોરોને વ્યાજ ભરી ના શકતા જેતપુર માર્કેટીંગ યાર્ડના કેતનભાઈ ગરાડાએ સંજય વાળા સાથે માર્કેટીંગ યાર્ડમાં મીટીંગ કરી વિજયને વ્યાજ માફ કરી આપવા સમજાવ્યા હતા પરંતુ તે નહિ માન્ય નહોતા અને હજુ વ્યાજ સહીત કુલ રૂ.૧૦,૯૪,૬૦૦ માંગે છે. આ સમગ્ર બનાવ અંગેની ફરીયાદ પરથી જેતપુર સીટી પોલીસે ગુનો નોંધી આરોપીઓને પકડવા ચક્રો ગતિમાન કર્યા હતાં

# પૂર્વ પ્રેમિકાના ધર્મના ભાઈ પાસે મોબાઈલ નંબર માંગી બે શખ્સોએ માર માર્યો

શહેરના જાગનાથ પ્લોટ વિસ્તારમાં ઓફિસમાં કામ કરતા યુવકને તેની ઓફિસ નજીક મોરબી રોડ પર રહેતા શખ્સે ગાળો ભાંડી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી, યુવકે ધર્મની બહેન માની હતી તે મહિલાના ૧૭ વર્ષ પહેલાના પ્રેમીએ આ ધમાલ મચાવી હતી. રેલનગરમાં રહેતા અને જાગનાથના હિરાપન્ના કોમ્પ્લેક્સ નજીક ઓફિસમાં નોકરી કરતા અનિકેત દિનેશભાઈ મકવાણા (ઉ.વ.૨૩)એ એ.ડિવિઝન પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે મોરબી રોડ જકાતનાકા પાસે રહેતા મહેશ છગન સોલંકી અને નિલકંઠ સિનેમા નજીક રહેતા શનિ રામજી ખસિયાનું નામ આપ્યું હતું. અનિકેત મકવાણાએ ફરિયાદમાં જણાવ્યું હતું કે, દસેક વર્ષ પહેલા પોતે ઘડિયાળના કારખાનામાં કામ કરતો હતો ત્યારે તેની સાથે કામ કરતા રેખાબેન મુકેશભાઈ મકવાણા અનિકેતને રાખડી બાંધતા હતા અને તેને ધર્મનો ભાઈ બનાવ્યો હતો તે વખતે રેખાબેનને મહેશ છગન સોલંકી સાથે પ્રેમસંબંધ હતો, રેખાબેનના પતિનું નવ વર્ષ પહેલા અવસાન થયું હતુ, બે વર્ષથી રેખાબેનને મહેશ સોલંકી સાથે સંબંધ નથી. ગુરૂવારે સાંજે અનિકેત પોતાની ઓફિસ નજીક રસ્તા પર ઉભો હતો ત્યારે રેખાબેનને જેની સાથે ૧૭ વર્ષ પહેલા પ્રેમસંબંધ હતો તે મહેશ સોલંકી ત્યાં સ્કૂટર લઈને આવ્યો હતો અને અનિકેતને કહ્યું હતુ કે, નતારી બહેનના નંબર આપથ, અનિકેતે નંબર નહીં હોવાનું કહેતા મહેશ ઉશ્કેરાયો હતો અને તેણે ગાળો ભાંડી હતી અને હું તને જોઈ લઈશ, જાનથી મારી નાખીશ તેવી ધમકી આપી જતો રહ્યો હતો. ત્યારબાદ અનિકેતે પોતાની પાસે રેખાબેનનો નંબર ન હોય તેના નાનાબેન ઉષાબેનને ફોન કરીને જાણ કરતાં રેખાબેન તેના ધર્મના ભાઈ અનિકેતની ઓફિસ પાસે ગયા હતા અને બંને ભાઈ બહેન વાતચીત કરી રહ્યા હતા તે વખતે ફરીથી મહેશ સોલંકી સ્કૂટર પર આવ્યો હતો અને તેની સાથે રેખાબેનના ભાઈ શનિ રામજી ખસિયાને લેતો ગયો હતો, મહેશે ફરી ધમાલ કરી અને તું અનિકેત પાસે કેવી રીતે પહોંચી ગઈ તેમ કહી રેખાબેનને ફડાકા ઝીંક્યા હતા, અને શનિએ અનિકેતને કહ્યું હતું કે, નતું આ મારી બહેન રેખાબેન અને મહેશની વચ્ચે કેમ આવે છે, તું વચ્ચેથી ખસી જાથ શનિએ પણ અનિકેતને ગાળો ભાંડી હતી, પોલીસે યુવકની ફરિયાદ પરથી બંને સામે ગુનો નોંધી આરોપીની શોધખોળ શરૂકરી હતી.